


વર્ષ : ૧૫ ઓગસ્ટ–૧૯૯૪ અંક : ૧૧

## * મન ક્યારે જિતાય કે વશ થાય? *

કેટલાક માણસો ફરિયાદ કરે છે કે મન ખૂબ બળવાન છે. તેના પર કાબૂ કરવાનું કામ કેટલું બધું કઠિન છે! તે વશ થતું જ નથી તો આ સ્વરાજ્યનું ધ્યેય કેવી રીતે સિદ્ધ થઈ શકે? ગીતામાં અર્જુને પણ આ જ ફરિયાદ કરી છે. પરંતુ ફરિયાદ કરીને બે હાથ જોડીને બેસી રહેવાથી શું વળશે? મનને કેટલાય સમયથી સંસારના પદાર્થો ને વિષયરસના સ્વાદની પાછળ ભમવાની ટેવ પડી છે : રાગદ્વેષ ને ભેદભાવમાં તે રમતું રહ્યું છે. હવે તેને વશ કરવું છે ને આત્મિક વિકાસમાં મદદરૂપ બનાવવું છે તે કાંઈ સહેલાઈથી થશે કે? આ તો જંગલમાં મુક્તપણે વિહાર કરનારા પંખીને પિંજરામાં પૂરવાની વાત થઈ! અથવા તો એથી પણ વધારે...રખડેલ લાલચંદને ડાહ્યાડમરા બનાવીને નિશાળે બેસાડવાની વાત થઈ. થોડો વખત પરિશ્રમ તો પડશે જ. પણ ધીરજ રાખીને મંડ્યા જ રહેશો તો કામ સફળ થશે. પરંતુ આમાં મદદ મળે તે માટે સંસારના બાહ્ય પદાર્થ તેમ જ વિષયરસને માટે અંતરતમમાં અરુચિ ઉત્પન્ન કરી દો, ઉદાસીનતા કેળવી દો અને આત્મિક વિકાસના આનંદ માટે સ્વરાજ્યના સુખ સારુ અંતરમાં આતુરતા, પિપાસા કે લાલસા ઉત્પન્ન કરી દો. વિષયી વસ્તુમાં અરુચિ થશે એટલે મન પણ તેમાંથી હઠવા માંડશે ને પછી સંપૂર્ણપણે પાછું વળી જશે. હૃદયમાં જ્યાં સુધી વિષયસુખની જ લાલસા છે અને આત્મિક જીવનને બદલે સાંસારિક જીવન જ રુચિકર લાગે છે ત્યાં સુધી મનને જીતવાની બાજી સફળ થશે કે જિતાશે નહીં ને ફરિયાદ કાયમ જ રહેશે.

યોગેશ્વરજી



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧ | નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

# * ગુરુને વંદન *

અમોને જ્ઞાન દેનારા, ગુરુને લાખ વંદન હો!
સદાયે જ્ઞાન દેનારા, ગુરુને લાખ વંદન હો!
કહ્યા છે જેમને બ્રહ્મા, કહ્યા વિષ્ણુ વળી શંકર,
કહ્યા છે દેવ જેવા તે, ગુરુને લાખ વંદન હો!
અમોને.....

કહ્યા ઈશ્વર સમા જેને, દયા ને જ્ઞાનના દરિયા,
સદાયે શાંતિમૂર્તિ તે, ગુરુને લાખ વંદન હો!
અમોને.....

પરમ આનંદ પામ્યા જે, વળી સુખ આપતા સૌને,
ભર્યા સદ્‌ગુણ થકી દૈવી, ગુરુને લાખ વંદન હો!
અમોને.....

નવી જે આંખડી આપે, યુગોનાં કષ્ટને કાપે,
કૃપાથી મુક્તિ દેનારા, ગુરુને લાખ વંદન હો!
અમોને.....

— યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી પ્રભુપરાયણ પરમાત્માદેવી | વિજય પુરોહિત (બાપજી) | ૧૩ |
| માનસિક આરોગ્ય અને યોગ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૧૮ |
| આ સંસાર ! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૭ |
| સંત એકનાથ અને એના વતન પૈઠણ પ્રતિ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૨૮ |
| ગુર્જર માનું ગૌરવ | દુર્લભજી ભક્ત (સ્વાદલા) | ૨૯ |
| ભક્ત કવિરત્ન જયદેવજી | અરૂણા ઠાકર | ૩૧ |
| પ્રેરક પ્રસંગો | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૪૩ |
| સદ્ગતિ | કમલ સુથાર | ૫૩ |
| શ્રી પંડિતજીના પિતાશ્રીને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

– મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ ઓગસ્ટ–૧૯૯૪ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩–૪–૮૧, શુક્રવાર, ફાગણ વદ તેરસ,**
**૨૦૩૭, સ્થળ : વડોદરા.**

સવારે નિયમ મુજબ ઉઠતાં પહેલાં રાત્રે ૧ થી ૨॥ સુધી પૂ. શ્રી માળા કરી લે છે. ગઈરાત્રે સર્વેશ્વરીએ પૂ. શ્રીને કહ્યું કે આપ ઉઠો તો મને પણ ઉઠાડો. તો પૂ. શ્રી કહે, “તમે ઘણીવાર મોડાં સૂઓ છો. ને ઉંઘમાં હો, તેથી મને ઉઠાડવાની ઈચ્છા ન હતી. સર્વેશ્વરીના આગ્રહથી આજે સર્વેશ્વરીને પણ ઉઠાડે છે, જેથી તે પણ જપ કરે છે.

સવારે સ્નાન, વ્યાયામ બાદ ફરી જપ થાય છે. દૂધ પીને લેખનકાર્ય થાય છે. સાડા અગિયારે આ યજમાન પરિવાર પૂ. શ્રીને પ્રણામ કરે છે. ખાસ વાતો થતી નથી.

સમય થતાં પૂ. શ્રી મગભાતનું ભોજન લે છે. ત્યાર બાદ આ ઘરની નાની દીકરી પાસે પૂ. શ્રીએ સુરતના કાર્યક્રમ અંગે બે પત્રો લખાવ્યા. ત્યાં રાજકોટવાળા શ્રી શાંતિભાઇ, મુંબઇથી પોતાનું કામ પૂરું કરી આવી ગયા. પૂ. શ્રીને ખબર પડી જેથી ૧૦ મિનિટ બોલાવ્યા. પૂ. શ્રી શાંતિભાઇ સાથે વાતો કરે છે.

સર્વેશ્વરી રાજકોટથી આવેલો પૂ. ભાઇનો પત્ર વંચાવે છે. શાંતિભાઇને એ પત્રથી ખૂબ આનંદ થાય છે. અને રાજકોટ ફરી પ્રવચનો ક્યારે થશે તે અંગે પણ પૂછપરછ કરી. "શાંતિભાઇ, હવે સાંજે મળાશે," એમ કહી પૂ. શ્રી આરામ માટે વિચારે છે. થોડીવાર પેપર ઉપર પૂ. શ્રી નજર નાંખી લે છે.

સાંજે છ વાગ્યે પૂ. શ્રી યજમાનના આગ્રહથી આઇસક્રીમ લે છે. સવા છ વાગ્યે દ્વાર ખૂલે છે. મુલાકાતીઓ આવે છે. ગીતાના ૧૨ અને ૧૫ મા અધ્યાયોનું વાંચન સમૂહમાં થાય છે. શ્રી કુંદનબેન રાણા ભજન ગવડાવે છે. પછી શ્રી વિનુભાઇની સૂચનાથી સર્વેશ્વરી સુરેન્દ્રનગરની વાતો કરે છે.

પછી પૂ. શ્રી થોડી વાતો કરે છે.

**પૂ. શ્રી :** પ્રશ્નો હોય તો પૂછો.

**પ્રશ્ન :** સ્વસ્તિકમાં ચાર ટપકાં પણ કરાય છે તે શું શાસ્ત્રોક્ત છે?

**પૂ. શ્રી :** ના, એ તો શોભા માટે મૂકતાં હશે, શાસ્ત્રીય નથી.

**પ્રશ્ન :** તો પછી સ્વસ્તિક પણ શોભા માટે જ ભૂદેવો કરે?

**પૂ. શ્રી :** સ્વસ્તિ એટલે કલ્યાણ. કલ્યાણ કેવું? ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારે પ્રકાર માટેની પ્રેરણા આ સ્વસ્તિમાં રહેલી છે.



પણ કોણ સમજે છે ને સમજાવે છે એ ભાવના? ભૂદેવોની બધી જ દૃષ્ટિ ચોખા ને ઘઉંની ઢગલી, પૈસા ને શ્રીફળ પર હોય છે, એ સ્વસ્તિક પાડે પછી તેની સાચી સમજ આપતા જ નથી. એમનું ધ્યાન તો નોટ પર જ હોય છે.

**પ્રશ્ન :** સાધના કરતાં કરતાં બીજા આત્માઓ દેખાય છે ને તે અશાંતિ આપે તો શું કરવું?

**પૂ. શ્રી :** તેમને પૂછો, શા માટે આવું કરે છે ને તેનો ઉપાય બતાવો. એવી અશાંતિ થાય ત્યારે ઇષ્ટમંત્રનો જપ કરો.

**પ્રશ્ન :** સાધનામાર્ગે આગળ ન વધારવા જ અન્ય આત્મા અશાંતિ આપતા હશે?

**પૂ. શ્રી :** ના, એવું નથી. એ તો ઋણાનુબંધ ઉપર આધાર છે. રાગદ્વેષવાળા સૂક્ષ્મ આત્માઓ અશાંતિ આપે પણ ઘણા સારા આત્માઓ પણ હોય છે. જે સાધનાપંથે આગળ વધારે છે.

અમારા પરિચયમાં એક બેન છે. તેને એક આત્મા દરરોજ રાત્રે ઉઠાડે છે, ન ઉઠે તો મારે છે, જપ કરવા બેસાડે છે, મહાત્માના દર્શને જવાનું કહે છે.

અશાંતિ આપતા મલિન આત્મા સામે આપણે સત્કર્મનું ભાથું વધારીએ તો તેઓનું બળ ઓછું થઇ જાય છે. ગીતાપાઠ, શિવમહિમ્ન, વિષ્ણુસહસ્રનામ, ઇષ્ટમંત્રજપ વગેરે કરવાથી શાંતિ મળે છે.

**પ્રશ્ન :** (કુંદનબેન) : ભગવાનને તો અમે જોઇ શકતાં નથી. તો જે પરમાત્મદર્શી સંતો છે, તેને જ સાધનામાર્ગે આગળ વધારવાની પ્રાર્થના કરીએ તો તે સંતો જલ્દી સાંભળે ખરા?

પૂ. શ્રી : સંતોને શું પરવા હોય? એ તો એકાંતમાં સાધન-ભજન જ કરવામાં માનતા હોય. એને તો પોતાના કલ્યાણમાં રસ હોય તો એવા સંતો તમારી વાત ન પણ સાંભળે.

સંતો હિતકારી જ નહીં પરમહિતકારી હોય છે. તે પોતાની રીતે જગતનું ભલું જ કર્યા કરતા હોય છે. (એમ કહી 'સંત પરમ હિતકારી'–બ્રહ્માનંદનું ભજન ગવડાવે છે)

સંત પરમ હિતકારી
જગતમાંહી સંત પરમ હિતકારી.
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ
ભરમ મિટાવત ભારી,
ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી
રીત જગત સે ન્યારી,
બ્રહ્માનંદ સંતન કી સોબત
મિલત હૈ પ્રગટ મુરારિ.

(સંતોના સંગથી સંસારની માયામાંથી મુક્ત થવાય.)

સંતકૃપાથી છૂટે માયા ને
કાયા નિર્મળ થાય જોને
હરિની માયા બહુ બળવંતી
સંતનજરમાં નાણે જોને.

છેવટે સમય થતાં પૂ. શ્રી કહે છે, "હવે શું કરીશું?" શ્રોતા : મા પાસેથી ભજન સાંભળીશું. પૂ. શ્રી : મા કંઇ ભજન ગાવા બંધાયેલાં છે? ભલે ગાઓ–સર્વેશ્વરી ભજન ગવડાવે છે. શાંતિપાઠ પછી પ્રણામ કરી સૌ વિદાય થાય છે. પૂ. શ્રી ખીચડી દૂધનું બહાર વરંડામાં પાટલા મૂક્યા ત્યાં બેસી ભોજન કરે છે. આરામ.



**તા. ૪-૪-૮૧, શનિવાર, ફાગણ વદ અમાસ, ૨૦૩૭, સ્થળ : વડોદરા.**

રાત્રે ૨ થી ૩ પૂ. શ્રી સાથે સર્વેશ્વરી પણ જપ કરે છે. બહાર વરંડામાં પૂ. શ્રી હાથમાં માળા લઇને ફરે છે. ઉપરનો ભાગ ખુલ્લો છે. નીચેના ભાગ પર સફેદ ખાદીનો લાંબો ટુકડો વીંટયો છે. ૪૦ માળા આંટા મારતાં મારતાં કરે છે. દરરોજ રાત્રે ૭૦ માળા કરી લે છે. પછીની ૩૦ દરરોજ સવારે કરી લે છે.

નિત્યકર્મ મુજબ વ્યાયામ કરી લે છે, તે પહેલાં સ્નાન કરે છે. સ્નાનમાં કોઇક જ વાર સાબુનો ઉપયોગ કરે છે. વ્યાયામ બાદ ગીતાપાઠ (સંસ્કૃતમાં) કરે છે, ત્યાર બાદ માથામાં તેલ નાંખી ૩૦ માળા બાકી છે તે કરવા બહાર પલંગ ઉપર બેસે છે.

બરાબર આઠ વાગ્યે બહાર ટેબલ પર દૂધ મુકાય છે–જે સર્વેશ્વરી બારણું ખોલીને લઇ લે છે. પછી પૂ. શ્રી દૂધ લઇ લે છે. સાથે મકરધ્વજવટી–૧, ૧ ચમચી જીવન, ૨ ચમચી ઇસબગુલ લે છે.

ગયા વરસે માર્ચમાં અહીં આવ્યા ત્યારે પૂ. શ્રી સાડા આઠે દૂધ લેતા હતા. ત્યારે ઘરનાં સૌ સવારે પૂ. શ્રીને પ્રણામ કરવા રૂમમાં આવતાં, થોડું દશ–પંદર મિનિટ બેસતાં પણ ખરાં, પણ પૂ. માતાજીની વિદાય પછી પૂ. શ્રીએ જનસમૂહને મળવાનું ઓછું કરી નાંખ્યું. જ્યાં પણ હોય ત્યાં પૂ. શ્રી કોઇને પણ હવે ૧૧–૩૦ સવારે જ મળે છે.

દૂધ પીધા બાદ લેખનકાર્ય માટે પૂ. શ્રી બેસી જાય છે. આજ-કાલ પૂ. શ્રી માતાજી ઉપર ખૂબ કાવ્યો લખે છે. બે દિવસ ઉપર જ પોતે એવું જણાવ્યું હતું કે માતાજી ૭૮ વરસ જીવ્યાં તો ૭૮

કાવ્યો તો માતાજી પર લખવાં જ—એવું વિચાર્યું છે. રોજ રોજ વિવિધ વિષયો પર કાવ્યો લખાયાં જ કરે છે.

આ ઘરના આ રૂમમાં એક નાનકડો સોફો છે ત્યાં નીચે બેસી-ને ખોળામાં ઓશીકું મૂકી ઓશીકા ઉપર પોતે લેખનકાર્ય કરે છે.

સાડા અગિયારે પૂ. શ્રી વરંડામાં ખુરશી પર બેસે છે. દ્વાર ખોલીને ઈલેક્ટ્રીક બેલની સગવડ છે જેથી નીચે બેલથી ખબર અપાય છે. ઘરનાં સૌ સમજી જાય છે કે હવે પૂ. શ્રી પાસે જઈ શકાય છે, એથી સૌ ઉપર આવે છે.

આજે શહેરમાં ૧૦ થી જ કર્ફ્યુ હળવો થયો હોવાથી સંખ્યા વધી છે. શ્રી રમણભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી વિનુભાઈ વગેરે સૌ આવે છે. શહેરનાં તોફાનોની જ વાતો કરવા અહીં ભેગા થયા હોય એમ સૌએ લગભગ અડધો કલાક વાતો જ કરી.

પૂ. શ્રીએ પણ શિવમહિમ્નની વાતો પૂછી પછી વળી પ્રશ્ન પુછાયા.

**પ્રશ્ન :** જનતાની નિરાશાથી શ્રી ઈન્દિરા ગાંધીને કોઈ અસર ન થાય?

**પૂ. શ્રી :** થાય જ ને! કોઈ બાળક ખૂબ રૂપાળો હોય તો કોઈકના હૃદયમાં થઈ જાય કેટલો સરસ છે તો બાળકને મીઠી નજર લાગી જાય. ભોજન સારું બનાવ્યું હોય ને કોઈકના હૃદયમાં આવું સરસ બનાવ્યું છે એમ જોઈ જો થઈ જાય તો એ દૃષ્ટિની ખરાબ અસર ખાનાર પર પડે છે.

મોરબીનાં મચ્છરોને લીધે, સુરેન્દ્રનગરમાં મને ઘણાં વરસે તાવ આવ્યો. ૧૯૬૨ માં કોટા (રાજસ્થાન)માં મારાં પ્રવચનો ચાલતાં હતાં. એક પ્રજ્ઞાચક્ષુ સ્વામી શરણાનંદજી પણ ત્યાં હતા.



તેમને અમે મળવા ગયા. તેઓ મને ખૂબ પ્રસન્ન થઈને ભેટયા ને સાંજે જ મને તાવ શરૂ થઈ ગયો! કોઈ દવાથી તે ઉતરે જ નહીં. એટલે મીઠી નજર પણ શરીર પર અસર કરે, વગેરે.

સાડા બાર વાગી રહ્યા છે. જેથી પૂ. શ્રીએ "સમય પૂરો થયો. જમવાની તૈયારી કરો" એમ કહ્યું. સૌ વિદાય લે છે. આજે પૂ. શ્રી મગભાત ને દહીંવડાં લે છે, આરામ કરે છે. સર્વેશ્વરી ૩ થી ૪–૪૫ નીચે બેનો પાસે, થોડા સત્સંગ માટે જાય છે. પૂ. શ્રી પાસે ઉપર સર્વેશ્વરી આવે છે ત્યારે પૂ. શ્રી આંટા મારી રહ્યા છે.

પૂ. શ્રી સર્વેશ્વરીની સાથે થોડું તરબૂચ લે છે. પછી પૂ. શ્રી કહે છે, "તમે નીચે જાઓ છો પણ લોકકલ્યાણને પણ મર્યાદા હોય ને? તમે એકલાં જીવન જીવવાનો નિર્ણય કર્યો, તો સંસારીઓ સાથે એ રીતે બહુ સમય ન ગાળવો. આ તો ઠીક છે, તમે આજે ગયાં પણ પછી આપણને પણ એ રીતે વાતો કરવા જવાની ટેવ પડે, ભલે સત્સંગની વાતો હોય, પણ આપણે ઘડિયાળ સામે નજર રાખવી જોઈએ. લોકકલ્યાણથી પ્રથમ જેને સેવાની જરૂર છે તેના તરફ તમે થોડાં બેધ્યાન બનો છો"—પૂ. શ્રીની એ ગંભીર વાતો તદ્દન સાચી હતી.

૬–૧૦ થઈ છે. પૂ. શ્રી પાસે થોડી જ વારમાં દર્શનાર્થીઓ આવશે.

પૂ. શ્રી ગંભીર સૂચના આપ્યા પછી પોતે લખેલા એક **ગંગા** નામના માતાજી ઉપરના ગીતની કોપી કરે છે, ત્યાં તો ૬–૧૫ થયા. પૂ. શ્રી તૈયાર થઈ ગયા. નીચે બેલથી સૂચના આપી જેથી આજે ૧૩ મુલાકાતીઓ આવે છે. શહેરની અશાંત પરિસ્થિતિને લીધે ઘણા ઓછા સભ્યો આવે છે.

સૌ પ્રણામ કરી બેસે છે. પૂ. શ્રી છઠ્ઠા અધ્યાયનું વાંચન કરવા સૂચન કરે છે, જેથી સૌ તે પાઠ કરે છે. આ ઘરની દીકરી કલ્પુ ભજન ગવડાવે છે. પછી વળી પૂર્ણિમાબેન એક ભજન ગાય છે. ત્યાર બાદ સર્વેશ્વરી મૂળીના પ્રવાસની વાતો કરે છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** (વિજયભાઇ) : સંસારની માયા–મમતા–આસક્તિમાં અમે એવા બંધાયેલા છીએ, તો એમાંથી નીકળવા શું કરવું?

**પૂ. શ્રી :** એમ? તમે બંધાયેલા છો? શાસ્ત્રો તો કહે છે કે આત્મા બંધનમુક્ત જ છે. તે બંધન તો તમે જ પોતે માનો છો. તો તે બંધનમાંથી મુક્ત થવા તમારા જે પ્રયત્નો છે તે અધૂરા છે. તે પ્રયત્ન પૂર્ણ કરવા પ્રભુને પ્રાર્થના કરજો. પ્રભુને કહો, "તમારો વીટો પાવર વાપરો. પ્રભુ અમને સદ્દબુદ્ધિ આપો," અને મોહ-માયાથી દૂર થવા, તેવા વાતાવરણથી દૂર રહેવું જોઇએ. નિયમો રાખો. કરફયુમાં જેવી રીતે ફરીને જાઓ છો તેમ તે વાતાવરણથી દૂર ફરીને જાઓ.

પણ ફરીને જાઓ તોપણ એ જ વાતાવરણ મળે તો? તો પછી નિયમો જ રાખો. મીઠાઇની દુકાન આવે તોપણ મીઠાઇ નથી ખાવી. ચાખવા આપે તોપણ નહીં. નિયમો ને પ્રાર્થના કરો. એ માટે એક ભજન તમારે સાંભળવું છે?

**શ્રી વિજયભાઇ :** હા.

(પૂ. શ્રી જીતુભાઇને પોતાની ગીતોની નોટ લાવવા કહે છે.)

**સર્વેશ્વરી :** પણ મહાત્માજી, માયા–મમતા–આસક્તિ તમારા જેવા ઈશ્વરદર્શી મહાપુરુષના ચરણે વાળી દઈએ તો?



**પૂ. શ્રી :** ગટરના નાળાને ગંગામાં વાળો તો તે ગંદકીવાળું રહે ખરું? તેમ જ મોહમાયા સંતો પ્રત્યે વાળો તો તે મોહમાયા ન રહે. મીરાંએ પોતાનો રાગ, પોતાનો ભાવ, પ્રભુ પ્રતિ વાળ્યો. તેણે ગિરિધર ગોપાલને જ પ્રભુ માની ભજ્યા.

ગિરધરભાઇ–ચોખંડીમાં રહે છે તે નહીં. જોકે તેને પણ કોઇ પ્રભુ ભાવે ભજે તો જુદી વાત છે. મીરાંની દૃષ્ટિએ ગિરિધર એ માનવ નથી, પ્રભુ છે. દૃષ્ટિમાં જો ભેદ હોય તો કંઇ નહીં વળે.

**ભજન :**

અમારા ગુણે જ જો તરી શક્યા હોત તો,
માંગી મદદ હોત ના, તમારી માંગી મદદ હોત ના.

(પૂ. શ્રીએ એ ભજન ગવડાવ્યું ને સમજાવ્યું)

**પ્રશ્ન :** (કુંદનબેન) : ઉપદેશ આપીને જનકલ્યાણ કરે તે મોટા કે મૌન રાખીને જગકલ્યાણ કરે તે મોટા?

**પૂ. શ્રી :** મૌન પણ જેનું ઉપદેશ આપતું હોય તે મૌન દ્વારા પણ ઉપયોગી થઇ શકે. ઉપયોગી થવાની ભાવના બંને સંતોમાં હોવી જોઇએ–મૌનવાળા ને બોલનારા. તેમનું જીવન ઉપદેશ પ્રમાણે હોવું જોઇએ. જીવન જ પ્રેરક હોવું જોઇએ.

રોજના જીવનમાં મૌનને વણી શકો. ભજન–સાધન ને ભોજન સમયે પણ મૌન રાખી શકાય. નિયમો રાખો. રસોઇ બનાવતી વખતે પણ ભજન ગાઓ. ભજનની અસર જડ વસ્તુઓ પર પણ થાય છે.

અમારે પ્રવાસમાં એક પ્રસંગ બનેલો. સર્વેશ્વરી ગાય છે, તે કોઇ ગાયક નથી, પણ ભાવથી ગાય છે.

(એમ કહી સર્વેશ્વરી જ્યારે ૧૯૮૦ ના ઓગષ્ટમાં ભાવ-નગરના ઉતારા પર પ્રવચનો ચાલતાં હતાં ત્યારે એક ભજન ગાતાં ગાતાં તપેલી અસ્થિર બની ખૂબ ખૂબ ડોલવા લાગી હતી,–તે વાત કહે છે)

તે પ્રસંગ પછી ભાવનગરમાં થયેલી સર્વેશ્વરીની સેવા વિશે પૂ. શ્રી વિસ્તૃત વાતો કરે છે. ત્યાર બાદ પૂ. શ્રી જ આજે ૐ શાંતિઃ મંત્ર બોલી કાર્યક્રમ પૂર્ણ કરે છે. સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

પૂ. શ્રી થોડી વાર બાદ બહાર વરંડામાં પાટલા ઉપર બેસી ખીચડી–દૂધનું ભોજન લે છે. સર્વેશ્વરી પણ એમની બાજુમાં જ એક નાના આસન પર બેસે છે. હમેશની જેમ પૂ. શ્રી જ પીરસે છે. ભોજન બાદ પૂ. શ્રી આજે તરત ત્યાં પલંગ પર આરામ કરે છે. વરંડામાં પૂ. શ્રી માટે એક પલંગ મૂકવામાં આવેલો જ છે.

આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭




# શ્રી પ્રભુપરાયણ પરમાત્માદેવી

વિજય પુરોહિત (બાપજી)

પરમ કૃપાળુની પરમ કૃપા જ્યારે કોઇ જીવ પર ઊતરે ત્યારે તે જીવ આ સંસારના વિષયોથી મુખ ફેરવવામાં અને પ્રભુ પ્રત્યે, સત્ય સ્વરૂપની શોધ પ્રત્યે પગલાં ભરવામાં સફળ બને છે. એ શોધમાં આગળ ને આગળ ધ્યેયની પ્રાપ્તિ થાય અને તે જીવ પ્રભુમય ના બને ત્યાં સુધી સતત પરમાત્મા એ જીવના વિકાસ અર્થે કોઇ ને કોઇ પ્રકારે સહાય કરતા જ રહે છે. આ વાત પરમ કૃપાળુ પરમાત્માની કૃપાના જે કૃપાપાત્ર બન્યા છે તે અને બીજાઓ પણ એ જાણે જ છે. આજે એવા જ એક વૈકુંઠવાસી જીવનું પરમાત્માના કૃપાપાત્રનું પુણ્ય સ્મરણ કરી આપણી પ્રભુપંથની પાવન, મંગલકારી યાત્રામાં બળ મેળવીએ.

આ પ્રભુપંથના પવિત્ર પ્રેમી ભક્તનું નામ શ્રી પરમાત્માદેવી. એઓ આ પૃથ્વી પર આવીને પ્રભુમય જીવન–જીવી ગયાં અને પોતાના પ્રિયસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનનું ગોપાલ–ગોપાલ નામ બોલતાં બોલતાં વિદાય થયાં. આ પવિત્ર ભક્ત સ્ત્રીનો જન્મ પતિયાલા–પંજાબમાં થયો. એમના પિતાશ્રી ધર્મપરાયણ અને પ્રભુ પ્રેમી હતા. તેથી શ્રી પરમાત્માદેવીએ પોતાના પિતાશ્રી પાસેથી જ મંત્રદીક્ષા લીધી. એટલે એમને જ ગુરુ તરીકે સ્વીકાર્યા. આ મંત્ર લીધો ત્યારે એમની ઉમ્મર માત્ર ૧૫ થી ૧૬ વર્ષની હતી.

તેઓ પોતાના તપસ્વી પિતાશ્રી સાથે ઋષિકેશમાં પણ રહેલાં. એક વખત શ્રી પરમાત્માદેવી મા ગંગાજીના કાંઠે લક્ષ્મણઝૂલા

(ઋષિકેશ) પાસે કુટિયામાં રહેતાં હતાં, ત્યારે શ્રી ગંગાજીની પાણીની સપાટી વરસાદના કારણે વધતાં એ કુટિયા છોડી દેવી પડી. પછી સ્થળાંતર કરી શ્રી ભરતમંદિરમાં આવ્યાં. એ વર્ષ હતું સન ૧૯૬૨ નું.

અહીં શ્રી ભરતમંદિરમાં જ પ્રભુ શ્રી યોગેશ્વરજીનાં દર્શન તેઓ પ્રથમ વાર પામ્યાં. અને પાછળથી પરિચય થતાં વારંવાર સત્સંગનો લાભ લીધો. પૂ. શ્રી જ્યોતિર્મયીમા આ ભક્તને પોતાની પુત્રી સમ પ્રેમ આપતાં, તેથી પૂ. શ્રી યોગેશ્વરપ્રભુને પરમાત્માદેવી ભાઈજીના સંબોધનથી બોલાવતાં. આ પુણ્યાત્માને પ્રભુ શ્રી યોગેશ્વરજીનાં કેટલાંક વ્રતો–લેખન, વગેરેનાં દર્શન કરવાનો લહાવો પણ વારંવાર મળ્યો હતો. અને તે આ ભરતમંદિરમાં જ. ઘણા મા–પ્રભુના ભક્તોએ શ્રી પરમાત્માદેવી પાસેથી પ્રભુ અને મા જ્યોતિર્મયીની વાતો સાંભળી છે. તેમાં મુખ્ય વાત એ કે એમની સાધનામાં પૂ. ગુરુદેવે સમય સમય પર માર્ગદર્શન પૂરું પાડયું હતું. વળી પૂ. યોગેશ્વરજી જ્યારે જ્યારે ઋષિકેશ આવતા ત્યારે કાંઈક ને કાંઈક આર્થિક મદદ પણ કરતાં. પૂ. શ્રીએ પોતાના એક પુસ્તકમાં આ દેવીને અંજલિ પણ આપી છે.

શ્રી પરમાત્માદેવીનું પ્રભુપ્રાપ્તિનું પ્રભુપ્રેમ પ્રકટાવવાનું પ્રિય સાધન હતું–"જપ અને પ્રાર્થના." તેઓ સવારે ત્રણેક વાગ્યે ઉઠતાં અને નામ–સ્મરણ વિશેષ કરતાં. એ પછી નિત્યકર્મથી પરવારી પોતાના પરમપ્રિય એવા શ્રી ગોપાલકૃષ્ણની પૂ. શ્રી યોગેશ્વરપ્રભુ, શ્રી રામ, શ્રી હનુમાનજીની પૂજા કરતાં. થોડુંક ભણેલાં હોવાથી દિવસે શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત, રામાયણ તથા શ્રી ગાયત્રીમંત્રનો સ્વાધ્યાય કરતાં.



અમે જ્યારે ૧૯૮૫ ના મે મહિનામાં ઋષિકેશમાં શ્રી પરમાત્માદેવીને મળ્યા ત્યારે તેઓ એકલાં જ રહેતાં હતાં. અને ભોજન પણ પોતાની જાતે જ બનાવતાં, તે પણ સાદું જ હોય. વ્રત ઉપવાસો પણ કરતાં. તેમાં ખાસ કરીને એકાદશી, પૂર્ણિમા, ને સોમવાર વગેરે દિવસોએ ફળાહાર કરી ઉપવાસ કરતાં. બાકીના દિવસોમાં ફક્ત એક જ ટંક ભોજન લેતાં. તે પણ રાત્રે લગભગ આઠ વાગે.

સન ૧૯૬૨ થી એમનું જીવન વધારે ભાગે સ્થિરપણે શ્રી ભરતમંદિરમાં જ વ્યતીત થયું. તેનું મુખ્ય કારણ પ્રભુસ્મરણમાં અહીં અનુકૂળતા હતી, બીજું કારણ હતું તેમના એક પગે પક્ષાઘાત હતો. વળી જીવનના ઉત્તરાર્ધમાં દમની બીમારી પણ હતી. તેઓ બજારમાં ભાગ્યે જ જતાં, એમની જરૂરીયાતનો સામાન મંદિરમાં ભણતા છોકરાઓ બજારમાંથી લાવી આપતા.

દર વર્ષે શ્રાદ્ધ વખતે નાનકડો યજ્ઞ કરાવતાં, જેમાં એમના ભાવિક–સત્સંગીઓ હાજર રહેતા. એમના પ્રેમી સત્સંગીઓની સંખ્યા ઝાઝી ન હતી. માત્ર ૨૫ થી ૩૦ જેટલાં ભાઈબેનો હતાં, અને તે દિલ્હી તથા પંજાબનાં હતાં. એમનું સાદું અને સરળ જીવન જોઈ એમના પ્રત્યે માન થતું.

એમનો પ. પૂ. મા સર્વેશ્વરી પ્રત્યે પણ ખૂબ પ્રેમભાવ રહેતો. જ્યારે જ્યારે પૂ. મા હરિદ્વાર અથવા ઋષિકેશ પધાર્યાં હોય અને તેઓને જાણ થાય તો અવશ્ય પૂ. માના દર્શને આવતાં. પૂ. મા પણ તેમના પ્રત્યે સારો આદરભાવ ને પ્રેમ રાખતાં. યોગ્ય મદદ પણ કરતાં, પછી તે ભૌતિક હોય કે આધ્યાત્મિક. આ પૂ. માનો પરમાત્માદેવી સાથેનો વ્યવહાર જોતાં લાગતું કે શાસ્ત્રો અને

સંતોએ સાચું જ કહ્યું છે કે જ્યારે સાચી લગની પરમાત્મા પ્રત્યે પ્રકટે છે ત્યારે યોગ્ય સહાય આવી મળે છે. એથી તો પ્રભુ શ્રી યોગેશ્વરજી તથા મા સર્વેશ્વરીના પરિચયમાં આવ્યાં અને મા–પ્રભુપ્રત્યે શ્રદ્ધાવાન બન્યાં. સાચું માર્ગદર્શન અને મદદ મેળવી શક્યાં. પરિણામે પ્રભુમિલનની પાવન પગદંડી પર અવિરતપણે આગળ ને આગળ વધતાં જ રહ્યાં.

પ. પૂ. માના પરિચયમાં આવ્યા પછી શ્રી પરમાત્માદેવીના મનમાં ગુજરાતની યાત્રા કરવાની ઇચ્છા થઇ હતી અને તે પણ ખાસ કરીને અમદાવાદ–નારણપુરા–સત્યપથમાં આવેલ પ્રભુના સ્મૃતિખંડ સમા મંદિરનાં અને દ્વારિકાધીશનાં દર્શન કરવાની. પણ તે પૂરી ના થઇ. પ્રભુની ઇચ્છા નહીં હોય, એમ માનવું રહ્યું.

પોતાના પ્યારા પ્રભુનું નિત્ય સ્મરણ કરતાં કરતાં વરસો વીતતાં ગયાં, અને માનવ–તનની સંધ્યાએ આવી પહોંચ્યાં. એ ક્ષણો આવી ગઇ જેને જીવનની પરમ મંગલમય, પરમાનંદ ધરનારી કહી શકાય. તા. ૨૪–૪–૧૯૯૪ ના એ ધન્ય દિવસે એમને ભગવાન શ્રી હનુમાનજીએ દર્શન આપ્યાં. એ દર્શન આપીને જીવનભરની સાધનાને, માનવજીવનની સફળતાને ધરી દીધી. આ દર્શનનો આનંદ એમણે પોતાની સેવામાં રહેનાર એક યુવાન વિદ્યાર્થી આગળ વ્યક્ત કર્યો હતો.

પ્રભુએ કૃપા કરીને મૃત્યુને મંગલમય બનાવી દીધું. યોગ્ય સમયે દર્શન આપી પરમપ્રેમ અને પરમાનંદ ધરી દીધાં. જીવન-ભર પ્રભુ માટે તપ્યાં તે સાર્થક થયું. સંતોષ થઇ ગયો.

તા. ૨૫–૪–૧૯૯૪ ના પરોઢિયે ૪.૩૦ કલાકે પોતાના પ્રિય એવા શ્રી કૃષ્ણ ભગવાનનું ગોપાલ–ગોપાલ નામસ્મરણ કરતાં



માનવ–તનનો પરિત્યાગ કર્યો. દેહ પરિત્યાગના આગલા દિવસે પ. પૂ. મા સર્વેશ્વરીને પણ ખૂબ યાદ કર્યાં હતાં.

પ્રભુકૃપા, સંતકૃપા અને પોતાના પુરુષાર્થથી કેવી ધન્યતા માનવજીવનની અંતિમ ક્ષણોમાં પામી શક્યાં! આ બ્રહ્મચારિણીને પ્રભુએ પોતાના દિવ્યધામમાં આ સ્થૂળ(દેહનાં)બંધનો છોડાવીને બોલાવી લીધાં. એ દેહનો અંતિમ વિધિ–અગ્નિ સંસ્કાર શ્રી ભરત મંદિરના આચાર્ય શ્રી જગન્નાથ પંડિતજીએ સારી રીતે કર્યો.

પોતાના પિતાશ્રીને ગુરુ બનાવીને, કેવી અચલપણે પ્રભુપંથે અવિરતપણે એમની યાત્રા વહેતી રહી! અને એ અવિરત સાધનાનું ફળ મહદ્ અંશે છેક માનવજીવનના અંતિમ દિવસે પ્રભુએ આપ્યું, ધન્ય કર્યાં. આ દર્શન પામી, સંતોષ અને આનંદપૂર્વક પૃથ્વીપટ પરથી વિદાય લીધી. આપણે પણ કમસે કમ આ પવિત્ર, પ્રભુપ્રેમી ભક્ત સન્નારીની જેમ વહાલાં મા–પ્રભુના પાવન પ્રેમપંથે ચાલતાં રહી, જીવનને ધન્ય કરીએ, આસક્તિરહિત બનીને, મા–પ્રભુમય બનીને આ જગત પરથી અનેરા સંતોષ અને આનંદ સાથે વિદાય થઇ શકીએ, તે માટે પ્રાર્થના અને પુરુષાર્થ કરીએ.

આ પવિત્ર અને પ્રભુપરાયણ એવાં શ્રી પરમાત્માદેવીને વંદન. એમના ગુરુદેવ એવા તપસ્વી પિતાશ્રીને પણ વંદન. સદાય, સૌનેય સહાય કરવા, પ્રેમ ધરવા તત્પર એવા પરમાત્માને આપણાં વહાલાં મા–પ્રભુનેય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

# માનસિક આરોગ્ય અને યોગ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

કોઈપણ પ્રકારની માનસિક માંદગી ન હોય તે માનસિક આરોગ્ય કહેવાય એવી માન્યતા સામાન્ય માનવીઓની હોય છે. માનસિક આરોગ્યનો સાચો અર્થ આટલાથી જ પૂરો થતો નથી. ખરી રીતે તો માનસિક આરોગ્ય એટલે માનસિક પ્રક્રિયાઓની રચનાત્મક વિશેષતાઓનું ચોક્કસ સ્વરૂપ. સાદી અને સરળ ભાષામાં કહીએ તો માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ આસપાસની પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથે સારા પ્રમાણમાં સુમેળ ધરાવે છે. આ બાબતને સારી રીતે સમજવા માટે સુમેળ સાધવાની પ્રક્રિયાને સારી રીતે સમજવી જોઈએ.

સુમેળ સાધવો એટલે શું? સુમેળ સાધવો એટલે આપણા વર્તનને પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથે અનુકૂળ બનાવવું. પરિસ્થિતિ તથા વ્યક્તિઓની બાબતમાં ફેરફારો થાય ત્યારે કેટલા પ્રમાણમાં તેને અનુકૂળ બનવાની તમારી શક્તિ છે એના ઉપરથી તમારી સુમેળ સાધવાની શક્તિ માપી શકાય છે. આવી રીતે પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથે તમે વધુમાં વધુ સુમેળ સાધી શકો ત્યારે તમે સારી રીતે મળતાવડા (Well-adjusted) છો, અર્થાત્ માનસિક રીતે નીરોગી છો એમ કહી શકાય.

આપણને આવો સુમેળ સાધવાની ક્યારે જરૂર પડે છે? જીવન ક્યારેય એકસરખી સ્થિરતાથી આગળ વધતું નથી. આવી રીતે મનુષ્યો પણ ક્યારેય એકસરખા સ્થિર હોતા નથી. મનુષ્યોને



પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથે સંબંધમાં આવી આઘાત–પ્રત્યાઘાત (Inter action) અનુભવવા પડે છે. મનુષ્યે પોતાની શારીરિક તથા માનસિક જરૂરતો જેવી કે ભૂખ, તરસ, પ્રેમ વગેરે લાગણીઓ સંતોષવા માટે પોતાની આસપાસની પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથેના સંબંધોમાં ફેરફારો કરવા જ પડે છે. આ પ્રક્રિયા દરમિયાન કેટલીય વાર એની સામે અવરોધો ઊભા થાય છે અથવા સુમેળ સાધવાનું બની શકતું નથી. આવા અવરોધો તથા અટકાયત થવાથી મનુષ્ય પોતાની ઇચ્છાઓ સંતોષતાં અટકી જાય છે. મનુષ્યને કંઇક જોઇએ છે, મનુષ્યને કંઇક કરવું છે, મનુષ્યને કોઇ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે પરંતુ એના માર્ગમાં અવરોધો આવે છે. દા. ત. એક યુવાન અમુક ચોક્કસ યુવતી સાથે લગ્ન કરવા ઇચ્છે છે ત્યારે ખાસ કરીને ભારત જેવા દેશોમાં સામાજિક બાબતો એમને અટકાવે છે. એક મનુષ્યને અત્યંત સુશિક્ષિત બનવાની ઝંખના છે ત્યારે આર્થિક કારણો તેને અટકાવે છે. આમ મનુષ્યને જે જોઇએ છે તે મળતું નથી ત્યારે મનની આવી સ્થિતિ નિરાશા (Frustration) તરીકે ઓળખાય છે. આવી નિરાશા પ્રત્યેક માનવીના જીવનમાં આવે છે. એમાંથી કોઇ જ બચી શકતું નથી. આવી નિરાશાજનક પરિસ્થિતિ સુમેળ સાધવાની આપણી શક્તિને પડકારે છે. આવી પરિસ્થિતિમાં જ આપણું માનસિક સ્વાસ્થ્ય કેવું છે તેની કસોટી થઇ જાય છે.

માનસિક સંઘર્ષણો (Conflicts) આપણા માનસિક સ્વાસ્થ્ય સામેનો બીજો પડકાર છે. માનસિક સંઘર્ષણની સ્થિતિમાં માનવીએ પસંદગી કરવાની હોય છે અને ચોક્કસ નિર્ણય કરવાનો હોય છે જે ખૂબ જ મુશ્કેલ હોય છે. દા. ત. એક પુરુષને પોતાની પત્ની સાથે ઝગડો થાય અને તે ઝગડો એટલો ઉગ્ર બને કે એને

મુંઝવણ થાય કે પત્ની સાથે છૂટાછેડા લેવા કે બાળકોની ખાતર કે તે સિવાય પણ પડયું પાનું નભાવી લેવું? આવાં માનસિક સંઘર્ષણો પણ માનવીના જીવનનું મુખ્ય અંગ છે.

આવાં સંઘર્ષણોથી માનસિક થાક લાગે છે તથા તનાવ ઉત્પન્ન થાય છે અને માનસિક સ્વાસ્થ્ય સામે સમસ્યા ઊભી થાય છે.

મનુષ્ય ઉપર કેટલીક પરિસ્થિતિઓ ભારે દબાણ (Pressure) લાવે છે અને તેનાથી તનાવ ઉત્પન્ન થાય છે. ખાસ કરીને આધુનિક જીવનમાં ઉંદરોની દોડાદોડ જેવી ભારે હરીફાઇમાં પહોંચી વળવાનું મુશ્કેલ જણાય છે ત્યારે હરીફાઇ કરવા માટે તથા સફળતા પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પોતાના ગજા ઉપરાંત શક્તિ વાપરવી પડે છે. દા. ત. વિદ્યાર્થી પર ગજા ઉપરાંત અભ્યાસ કરવા માટે દબાણ લાવવામાં આવે છે, પુરુષને પોતાના ખર્ચને પહોંચી વળવા રાતદિવસ ભારે પરિશ્રમનું દબાણ સહન કરવું પડે છે.

આમ પ્રત્યેક મનુષ્યે જીવનમાં નિરાશા, સંઘર્ષણ તથા દબાણનો સામનો કરવો પડે છે જ. આમાંથી કોઇ બચી શકતું નથી. આ ત્રણેય—નિરાશા, સંઘર્ષણ તથા દબાણ આપણા માનસિક સ્વાસ્થ્ય સામે ભય ઊભો કરે છે. કારણ કે એમને લીધે જ માનસિક થાક, તનાવ તથા કંટાળો ઉત્પન્ન થાય છે.

સહુની સામે આવી પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે જ અને સહુ કોઇ એમના ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરે છે જ. પણ આવી કપરી પરિસ્થિતિમાં સહુ કોઇ માનસિક માંદગીના ભોગ નથી બનતા અને સહુ કોઇ માનસિક શાન્તિ પણ અનુભવતા નથી. નિરાશાનો સામનો કરવાનો નકારાત્મક ઇલાજ પણ હોય છે. દા. ત. આપઘાત અથવા નિરાશ થયેલ વ્યક્તિ જલદી ગુસ્સે



થઇ જાય છે અથવા મિજાજ ગુમાવે છે. આમ વારંવાર બન્યા કરે છે. આવી વ્યક્તિને માનસિક રીતે અસામાન્ય કહી શકાય નહીં પરંતુ સાથે સાથે તેને માનસિક રીતે નીરોગી પણ કહી શકાય નહીં. એટલે સવાલ એ ઊભો થાય છે કે માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ જીવનની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં બીજી વ્યક્તિઓથી કેવી રીતે જુદી પડે છે?

માનસશાસ્ત્રીઓ માને છે કે માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ તમામ કસોટી કરે એવી આકરી પરિસ્થિતિમાં પણ પોતાની સ્વસ્થતા જાળવી રાખે છે. તે પોતાની દૈનિક પ્રવૃત્તિઓ કરવાનું, ફરજ બજાવવાનું ચાલુ જ રાખે છે, પોતાની જવાબદારીઓ અદા કર્યા જ કરે છે. જીવનની તમામ વાસ્તવિકતાઓને તે સ્મિત સાથે સ્વીકાર્યા કરે છે. દા. ત. પત્નીનું મૃત્યુ થાય ત્યારે તે પોતાની નોકરી છોડી જંગલમાં જઇ સંન્યાસી થઇ જતો નથી. કેટલીક પરિસ્થિતિઓ ઉપર મનુષ્યનો જરાય કાબૂ હોતો નથી. દા. ત. મૃત્યુ, અકસ્માત અથવા પોતાની ભૂલ ન હોય છતાં મળતી નિષ્ફળતા એટલે તે તમામ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા સદાય સુસજ્જ રહે છે. તે જાણે છે કે નિરાશા, સંઘર્ષણ અને દબાણો મનુષ્યજીવનનાં અનિવાર્ય અંગો છે. એટલે તેમને સ્વીકારવાં જોઇએ અથવા યોગ્ય રીતે એમની સાથે કામ પાડવું જોઇએ અને તેય હસતાં હસતાં. આમ તે પોતાને તનાવ, ચિન્તાઓ તથા સંતાપથી મુક્ત રાખે છે.

આમ છતાં ક્યારેક ભારે આકરી પરિસ્થિતિનો સામનો કરવાનો પ્રસંગ આવે ત્યારે માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ પણ આઘાત અનુભવે છે, પણ તે આવા આઘાતમાંથી થોડાક જ

સમયમાં મુક્ત થઇ જાય છે અને માનસિક સમતુલા પ્રાપ્ત કરી લે છે. પરંતુ માનસિક આરોગ્ય ન ધરાવનારની બાબતમાં આમ બનતું નથી.

આપણું મન વિપરીત, કપરી પરિસ્થિતિઓ સામે નબળું પડવું ન જોઇએ અથવા તે ભાંગી પડવું ન જોઇએ પરંતુ આસ-પાસની આવી પરિસ્થિતિઓ સામે અડીખમ ઊભું રહેવું જોઇએ અને પરિસ્થિતિના ઘાથી એને કશી ઇજા થવી ન જોઇએ.

આધુનિક મનોવિજ્ઞાને દર્શાવ્યું છે કે માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ કેવી હોય.

૧. આવી વ્યક્તિએ પોતાના પ્રત્યે વાસ્તવિક વલણ રાખવું જોઇએ. અર્થાત્ પોતાના ગુણ અને અવગુણોને ઓળખવા જોઇએ.

૨. આવી વ્યક્તિને લાગવું જોઇએ કે પોતે સલામત છે.

૩. આવી વ્યક્તિમાં પ્રેમ આપવાની તથા પામવાની શક્તિ હોવી જોઇએ.

૪. અમુક હદ સુધી પરિસ્થિતિને બદલવાની શક્તિ હોવી જોઇએ.

૫. પોતાનામાં જરૂરી પરિવર્તનો કરવાની શક્તિ હોવી જોઇએ.

૬. પોતાનામાં રચનાત્મક વિચારવાની, બોલવાની તથા કાર્ય કરવાની શક્તિ હોવી જોઇએ.

૭. પરિસ્થિતિ તથા વ્યક્તિઓ સાથે અનુકૂળ બનવાની શક્તિ હોવી જોઇએ.

૮. ક્યારે ચિન્તા કરવી તેનું જ્ઞાન હોવું જોઇએ.



આ ઉપરાંત ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેન્ટલ હેલ્થ તરફથી માનસિક આરોગ્યની કસોટી માટે નીચેના નિયમો રજુ કરાયા છે.

૧. આવી વ્યક્તિ જરૂર પડે ત્યારે પોતાની લાગણી ઉપર કાબૂ ધરાવે છે.

૨. આવી વ્યક્તિ એકાગ્રતાથી કામકાજ કરે છે.

૩. નિરાશા સારી રીતે સહન કરી શકે છે.

૪. બીજાઓ પ્રત્યે સહિષ્ણુતા ધરાવે છે.

૫. તે અન્ય વ્યક્તિઓને પ્યાર કરી શકે છે.

૬. અન્યને અલગ અભિપ્રાય ધરાવવાનો હક છે એમ માન્ય રાખે છે.

૭. તે પોતાની જવાબદારી સમજે છે.

૮. તે બદલાતી પરિસ્થિતિને અનુકૂળ બને છે.

હવે આપણે માનસિક માંદગીની નિશાનીઓ પણ જોઇએઃ–

૧. માનસિક માંદગી ધરાવનાર કોઇપણ બાબતમાં વધુ પડતું વર્તન કરે છે.

૨. એના વિચારોમાં તકલીફો ઊભી થાય છે. તે વધુ પડતો કલ્પનામાં જ રાચે છે. એના વિચારોમાં સુસંગતતા હોતી નથી.

૩. એની લાગણીઓમાં તકલીફો ઊભી થાય છે–તે પોતાને ખૂબ દુઃખી કે ચિન્તાયુક્ત માને છે.

૪. તે માનસિક માંદગીથી થતા શારીરિક રોગોથી પીડાય છે.

૫. તે સમાજવિરોધી, અનૈતિક, અપ્રામાણિક પ્રવૃત્તિઓ કરે છે. વધુ પડતું આક્રમક વ્યક્તિત્વ ધરાવે છે.

૬. તે વિચારો પ્રમાણે વર્તતો નથી. એનામાં દૃઢ નિશ્ચયનો અભાવ હોય છે.

આધુનિક માનસશાસ્ત્ર આનાથી આગળ વધતું નથી. તે મનના શરૂઆતના વિકાસ પર જ ભાર મૂકે છે. પરંતુ જે મન આમ ઘડાઈ ચૂક્યું છે તેનું શું?

આનો જવાબ યોગ પાસેથી મળશે. જીવન પ્રત્યે આપણે યોગની પૂરેપૂરી દૃષ્ટિ અપનાવીએ તો આપણો ઘણોખરો તનાવ દૂર થઈ જશે. જીવન તો આસપાસનું જેવું છે તેવું જ રહેવાનું છે પરંતુ જેમણે યોગના સિદ્ધાન્તોને જીવનમાં અપનાવ્યા છે તે મનુષ્ય અત્યંત બળવાન બને છે. તે પોતાની સામે ઊભી થતી તમામ પરિસ્થિતિ સામે યોગ્ય કામ પાડવા પૂરેપૂરો શક્તિશાળી બની જાય છે. આપણી ઘણીખરી નિરાશા, સંઘર્ષણો તથા દબાણો આપણે જ નિર્માણ કરેલાં હોય છે. ભૌતિક લાભ માટે તથા સુખ વિશેના ખોટા ખ્યાલોને લીધે જ અને એમને માટેની ઝંખનામાંથી એ ત્રણેય જન્મે છે. માનવી નિરાશ થાય છે કારણ કે એની પાસે મોટરકાર નથી કે સરસ મકાન નથી. માનવી સંઘર્ષણ અનુભવે છે, કારણ કે તે ક્રોધી છે, ચીડિયો છે તથા ધાર્યું જ કરવા માંગે છે. ત્યારે ખોટા નિર્ણય કે નિર્ણયના અભાવને લીધે તે સંઘર્ષણનો ભોગ બને છે. મનુષ્ય અત્યંત લોભી બને ત્યારે તે દબાણનો ભોગ બને છે. અથવા વધુ પડતું કમાવાની ચિન્તામાં પડે ત્યારે પણ દબાણનો ભોગ બને છે.

જીવનની પદ્ધતિના આવા તમામ ખામીયુક્ત ચિત્રને યોગ બદલી નાંખે છે. આવા આપણે જે જાતે જ ઊભા કર્યા છે તે માનસિક થાક, તનાવ અને દબાણોમાંથી મુક્ત રહેવા માટે



આપણને યોગના યમનિયમ ખૂબ જ લાભદાયક બને છે. યોગમાં જે શાન્તિદાયક (Relaxation)ની ટેકનિકો છે તે જ્ઞાનતંતુઓના તનાવને ઘટાડે છે.

આસનોથી શારીરિક આરોગ્ય પ્રાપ્ત થાય છે તથા જળવાઈ રહે છે, થાક તથા રોગનો સામનો કરવાની શક્તિ વધે છે, શારીરિક તાકાત વધે છે. વળી મન શાન્ત અને આરામદાયક પરિસ્થિતિમાં રહેતું હોવાથી મન દ્વારા થતા શારીરિક રોગો થતા નથી. યોગની સાધના કરનાર જીવનનો દ્રષ્ટા બની રહે છે પરિણામે સંસારમાં તે ગૂંચવાતો નથી અને લાગણીઓના તોફાનોનો ભોગ બનતો નથી.

પરંતુ એક બાબત ખાસ ધ્યાન રાખવાની છે કે માત્ર આસનો કે એકાગ્રતાથી ખાસ લાભ થતો નથી. યોગ સમગ્ર જીવનને આવરી લે છે, સમગ્ર જીવનને સુધારે છે. માટે સમગ્ર યોગની સાધના કરવી જોઈએ–અષ્ટાંગ યોગની સાધના કરવી જોઈએ– એક પછી એક એમ યોગનાં અંગોમાં આગળ વધવું જોઈએ. એમાં કૂદાકૂદ ફાવે તેમ કરવાથી ભારે પતન થાય છે.

યોગમય જીવન એ જ સર્વોત્તમ જીવન છે. માનસિક આરોગ્ય ધરાવનાર વ્યક્તિ જીવન જીવવાની આ યોગકળા જાણે છે માત્ર યોગ દ્વારા જ જીવનપદ્ધતિને સારામાં સારો આકાર આપી શકાય, માનસિક સ્વાસ્થ્યને પામી શકાય અને તેને જાળવી શકાય.

## * આ સંસાર ! *

સંત–મહંતો નિશદિન ગાતા:
'આ સંસાર અસાર જ છે;'
ષડ્‌રિપુઓ ફણિધર વિષાળા
પ્રતિપલ ડંખે, કાળ જ છે
આ સંસાર અસાર જ છે.

વિશ્વ–વિધાતા! જીવ–શિવ એક જ
માનવ ત્હારું સર્જન છે;
માનવ–સરજ્યા આ સંસારે
પ્રભુ–ભક્તિનું અર્જન છે.

અનુગ્રહ–અમૃત–પ્રાશી જીવો
કાજે, આ ભવ પાર જ છે
આ સંસાર અસાર જ છે?

સરવરમાં, તદપિ જલ ઉપર
દેખ કમલદલ નિર્લેપી;
ભવસાગર બિચ, ભવની ઉપર
બ્રહ્મદશા દશ અંગુલ પેખી.

વીતરાગ, સ્થિતપ્રજ્ઞ, વિદેહી;
કાળ તણા શા ભાર જ છે?
આ સંસાર અસાર જ છે?

બ્રહ્મદૃષ્ટિમાં લય સંસારા!
સાર–અસારની વાત જ કેવી?



ઉધઈ અગ્નિ, ઉપાધિ ગગનને!
આ સંસારની કથની એવી.

બ્રહ્મખુમારી દશા જ નિરાળી!
દ્વૈતાદ્વૈતની ભાળ જ છે
આ સંસાર અસાર જ છે?

સન્ત–મહન્તો નિશદિન ગાતા
પ્રતિપલ ડંખે, કાળ જ છે
આ સંસાર અસાર જ છે?

ડૉ. રણજિત પટેલ (અનામી)

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## * સંત એકનાથ અને એના વતન પૈઠણ પ્રતિ *

( ભુજંગી )

અહો આ ધરા ગોદમાં સંત ખેલ્યા,
અહીં સાધના છે કરી એકનાથે,
ઝગી ચેતના હીર ગોદાવરી પે
સુધારા સમાજે કરીને ગયા એ.

ન હો ભેદ લેશે બધા છે સરીખા
જગાડી અછૂતો કંઇ શ્રાદ્ધ ટાણે
તરસ્યા ગધાને દઇ વારિ ગંગા
બતાવી ગયા એ અનોખી જ કેડી.

નદીમાં કરી સ્નાન આવ્યા જહીં તે
થુંકીને ગયો દુષ્ટ કો' નેક ટાણે
છતાંયે જ કીધો અરે માફ એને
કરી સ્નાન ગોદાવરીમાં અનેકો.

અહો દૃષ્ટિ કેવી અને બોધ કેવો!
કરો કર્મ નિષ્કામ, ના ભેદ સેવો,
ગણો સર્વ જીવો સરીખા ધરાપે
ન ઊંચા અહીંયાં ન નીચા કહીંયે.

લખી ગ્રંથ કૈંયે અનોખી જ "ઓવી"
ધરાને ગયા છે કરી ધન્ય એ તો.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## * ગુર્જર માનું ગૌરવ *

ભુલાયે ના ઓગષ્ટ મહિનો
તારીખ પંદરમી, તારીખ પંદરમી
ગુર્જર દેશે જન્મીયા
યોગેશ્વર ગુરુજી અમારાં
વંદન હજો ગુરુજી તમને
લાખો અમારાં... વંદન૦ ૧

નિજ દેહને કાજે તમે,
અર્પણ કર્યું જીવન
હિમાલયને ખોળે જઇને
દર્શન કીધાં પ્રભુનાં... વંદન૦ ૨

મંત્ર દિક્ષા આપી
તમે પાવન અમને કીધાં
એવા, સદ્ગુરુ યોગેશ્વરજીને
પ્રણામ હજો અમારાં... વંદન૦ ૩

દેશ વિદેશે જઇને તમે
ધર્મનો પ્રચાર ઘણો કીધો
ગૌરવ વધાર્યું ગુર્જર માનું
ભક્તોને પ્રાણપ્યારા... વંદન૦ ૪


દુર્લભજી ભક્ત (સ્યાદલા)

**વૃક્ષારોપણની સહિયારી ઝુંબેશ**
**ગુજરાતને રાખશે હરિયાળું હંમેશ**
**આવો, વૃક્ષ વાવીએ.**

ગુજરાતની ધરતીને હરિયાળી બનાવવા સમૃદ્ધ વનીકરણનું લોકઅભિયાન્ આપણે હાથ ધર્યું છે એમાં કાર્યરત થવાનો આ અવસર છે. આ વર્ષે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં વધારેમાં વધારે વૃક્ષો આપણે વાવીએ અને ઉછેરીએ.

વૃક્ષ-ઉછેર આપણા જીવન-વ્યવહારનો અંતર્ગત ભાગ બની રહે અને હરિયાળા ગુજરાત દ્વારા સમૃદ્ધ ગુજરાતનું સ્વપ્ન સાકાર થાય તે માટે હું વન-સંવર્ધનના કાર્યમાં પ્રવૃત્ત થવા જાહેર અપીલ કરું છું.

**-- છબીલદાસ મહેતા**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**






# ભક્ત કવિરત્ન જયદેવજી

સંકલન : અરૂણા ઠાકર

પ્રસિદ્ધ ભક્ત કવિ જયદેવનો જન્મ પાંચસો વર્ષ પૂર્વે બંગાળની વીરભૂમિ જિલ્લામાં આવેલા કેન્દુબિલ્વ નામના ગામમાં થયો હતો. એમના પિતાનું નામ ભોજદેવ અને માતાનું નામ વામાદેવી હતું. ભોજદેવ ભરદ્વાજ ગોત્રના શ્રી હર્ષના વંશજ હતા. નાનપણમાં જ જયદેવે માતા–પિતાનું સુખ ગુમાવ્યું હતું. તે ભગવદ્સ્મરણ કરતાં કરતાં પોતાનો જીવનનિર્વાહ કરતા હતા. પૂર્વના ઉત્તમ સંસ્કારોને કારણે તેમણે મુશ્કેલીમાં પણ ઘણો સારો વિદ્યાભ્યાસ પ્રાપ્ત કરી લીધો. પોતાનાં સરળ, નિષ્પાપ પ્રેમભર્યા હૃદયથી ભગવાન શ્રીકૃષ્ણની પરમકૃપાના અધિકારી પણ તે થયા હતા.

જયદેવના પિતા એ જ ગામના નિરંજન નામના એક બ્રાહ્મણના દેણદાર હતા. નિરંજને જયદેવને સંસારથી ઉદાસીન જાણીને એમની ભગવદ્ભક્તિનો ગેરલાભ ઉઠાવી એમની મિલ્કત પડાવી લેવાનો નિશ્ચય કર્યો. તેણે એક દસ્તાવેજ બનાવ્યો અને જયદેવ પાસે જઇને કહ્યું, "જો જયદેવ! હું તારા રાધાકૃષ્ણ અને ગોપીકૃષ્ણને જાણતો નથી. તું અત્યારે જ મારા રૂપિયા વ્યાજ સાથે આપી દે, નહીં તો આ દસ્તાવેજ પર સહી કરીને તારી મિલ્કત મારે નામે કરી દે." જયદેવ તો સર્વ પ્રકારે નિઃસ્પૃહ હતા. એમને મિલ્કતમાં (ઘર–જમીન) જરા પણ મમતા ન હતી. એમણે કલમ ઉઠાવીને એજ ક્ષણે દસ્તાવેજ પર સહી કરી આપી.

હવે નિરંજને મિલ્કત પર કબજો મેળવી લીધો. એટલામાં

નિરંજનની નાની દીકરી દોડતી આવી કહેવા લાગી, "પિતાજી! જલ્દી ચાલો, ઘરમાં આગ લાગી છે. બધું બળી ગયું." ભક્ત જયદેવ ત્યાં જ હતા. નિરંજને આટલું કર્યા છતાં પણ તેમના મનમાં દ્વેષનો છાંટો ન હતો. નિરંજનના ઘરમાં આગ લાગી છે તેવા સમાચાર સાંભળતાં જ તે તે જ ક્ષણે દોડયા અને આગની લાલ લાલ જ્વાળાઓથી ઘેરાયેલા તેના ઘરમાં ઘૂસી ગયા. જેવા જયદેવ સળગતા ઘરમાં ઘુસ્યા તેવી જ અગ્નિની પ્રચંડ જ્વાળાઓ અદૃશ્ય થઇ ગઇ! જાણે જાગતા જ સ્વપ્ન જઇ રહ્યા ના હોઇએ?

જયદેવની આ અલૌકિક શક્તિને જોતાં જ નિરંજનની આંખોમાં આંસુ આવી ગયાં. તેને પોતાના દુષ્ટ કર્મ પર પસ્તાવો થયો. તે જયદેવનાં ચરણમાં પડી ગયો. દસ્તાવેજને ફાડીને કહેવા લાગ્યો, "દેવ! મારો અપરાધ ક્ષમા કરો. મેં લોભવશ થઇ બેઇમાનીથી તમારી મિલ્કત પડાવી લીધી હતી. આજે તમે ન હોત તો મારું આખું ઘર બળીને ખાખ થઇ ગયું હોત. ધન્ય છો તમે! આજે મેં સાચા હરિભક્તનો પ્રભાવ જાણ્યો."

એ જ દિવસથી નિરંજન પ્રભુભક્ત બની ગયો. ભગવાનની પોતાનાં પર આટલી મોટી કૃપા જોઇને જયદેવનું મન દ્રવિત થઇ ગયું. એમણે ઘરબાર છોડીને પુરુષોત્તમક્ષેત્ર પુરી જવાનો વિચાર કર્યો. પરાશર નામના એક બ્રાહ્મણને સાથે લઇને તે પુરી તરફ ચાલવા માંડયા. ઈશ્વરસ્મરણમાં મગ્ન બની કીર્તન કરતા કરતા જયદેવજી ચાલ્યા જતા હતા. એક દિવસ રસ્તામાં ઘણે દૂર સુધી જયદેવજીને ક્યાંય પાણી મળ્યું નહિ. ગરમી ખૂબ પડતી હતી. અતિ તરસથી વ્યાકુળ બની તે જમીન પર પડી ગયા. ત્યારે ભક્તને મન કલ્પતરુ સમાન એવા શ્રીહરિએ સ્વયં ગોપાલ બની



બાળક વેશે આવીને ભક્તને કપડાથી હવા નાખી, પાણી તથા દૂધ પીવડાવ્યું. તે પછી રસ્તો બતાવીને તેમને ઘણા જલદી પુરી પહોંચાડી દીધા. જયદેવજી અને પરાશર આ સમયે પ્રભુના સ્વરૂપને ઓળખી શક્યા નહિ.

જયદેવજી હંમેશા શ્રીકૃષ્ણનું ધ્યાન-ભજન કરતા રહેતા હતા. તે તેમાંજ બસ મસ્ત અને મગ્ન રહેતા. એક દિવસ ભાવાવેશમાં અકસ્માત્ તેમણે એવું જોયું જાણે ચારે બાજુ પર્વતની હારમાળા છે. નીચે કલ.. કલ.. કલ.. નાદ કરતી કાલિન્દી વહે છે. યમુનાતટ પર કદમ્બની નીચે ઉભેલા ભગવાન શ્રીકૃષ્ણ મોરલી હાથમાં લઇ હસી રહ્યા છે. આ દૃશ્ય જોતાં જ તેમનાં મુખમાંથી સહજ આ ગીત નીકળી પડયું–

मेघैदुरमम्बरं वनभुवः श्यामास्तमालद्रुमे–
नर्त्तकं मीरुरयं त्वमेव तदिमं राधे गृहं प्रापय।
इत्थं नन्दनिदेशतश्चलितयोः प्रत्यध्वकुञ्जद्रुमं
राधामाधवयोर्जवन्ति यमुनाकूले रहः केलयः ॥

**અર્થઃ**–આકાશ વાદળોથી ગોરંભાએલું છે, વનભૂમિ તમાલ વૃક્ષોથી શ્યામ બનેલી છે. રાત્રિનો સમય છે અને આ (કૃષ્ણ) ડરપોક છે. માટે હે રાધા! તું એને ઘરે પહોંચાડ. આ પ્રમાણે નંદની આજ્ઞાથી ચાલેલા (રાધા અને કૃષ્ણ)ના માર્ગની પ્રત્યેક વૃક્ષ કુંજોમાં યમુનાનાં કાંઠા પરની એકાંત ક્રીડાઓ જય પામે છે.

પરાશર આ મધુર ગીત સાંભળીને મુગ્ધ થઇ ગયો. બસ, અહીંયાથી જ લલિતમધુર 'ગીત-ગોવિન્દ'નો આરમ્ભ થયો. કહેવાય છે કે અહીં જયદેવજીને ભગવાનના દશ અવતારોનાં પ્રત્યક્ષ દર્શન થયાં. અને એમણે 'જય જગદીશ હરે...'ની બૂમ

પાડીને દશે અવતારોની સ્તુતિ ગાઈ. થોડાક સમય પછી જ્યારે તેમને બાહ્યભાન થયું ત્યારે તે પરાશરને સાથે લઈને ભગવાન જગન્નાથજીનાં દર્શન કરવા ગયા. તેમનું હૃદય દર્શન કરી આનંદથી ભરાઈ ગયું. તેઓ પુરીમાં એક વિરક્ત સંન્યાસીની માફક રહેવા લાગ્યા. મોટે ભાગે તે વૃક્ષની નીચે જ રહેતા. અને ભિક્ષા દ્વારા નિર્વાહ ચલાવતા. અહર્નિશ ઈશ્વરસ્મરણ, ધ્યાન અને ચિંતન તેમનું એકમાત્ર જીવનકાર્ય હતું.

લગ્નોત્સુક ન હોવા છતાં સુદેવનામના બ્રાહ્મણે ઈશ્વરની આજ્ઞાથી પોતાની પુત્રી પદ્માવતીને જયદેવજી સાથે પરણાવી. થોડા દિવસ પછી ગૃહસ્થ બનેલા જયદેવ પતિવ્રતા પત્ની પદ્માવતીને સાથે લઈને પોતાના ગામ 'કેન્દુબિલ્વ' પાછા ફર્યા અને ભગવાન શ્રીરાધામાધવની જોડીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરીને બંને તેની સેવામાં લાગી ગયાં.

થોડો સમય કેન્દુબિલ્વમાં રહ્યા પછી જયદેવજી યાત્રાએ નીકળ્યા. એક રાજાએ એમનું મોટું સન્માન કરીને એમને પોતાને ત્યાં રાખ્યા. અને ત્યાંથી નીકળતી વેળાએ આગ્રહપૂર્વક સાથે ઘણું ધન આપ્યું. જયદેવજીની ઈચ્છા ધન લેવાની બિલકુલ ન હતી પણ રાજાએ તે ગણકારી નહિ. રાજાની પ્રસન્નતા માટે અનાસક્ત અને નિર્મળ ભાવે થોડુંક ધન જોડે લઈને તે પોતાના ગામ તરફ નીકળી પડયા. રસ્તામાં થોડાક ડાકુઓએ તેમની પર હુમલો કર્યો. એમનાં હાથ-પગ કાપીને તેમને કૂવામાં નાંખી દીધા. ડાકુઓએ અનિત્ય ધનની પોટલીને સાથે મોટા દુઃખનાં કારણરૂપ ભયાનક પાપની પોટલી પણ બાંધી લીધી. પોતાની સફળતા પર ગર્વ કરતાં ડાકુ ત્યાંથી ચાલી નીકળ્યા.



ભગવાનની કૃપાથી કૂવામાં જરાય પાણી ન હતું. એના કારણે જયદેવજી ડૂબ્યા નહિં ભગવાનની દયાથી તેમને ક્યાંય જરા સરખું પણ વાગ્યું નહિ. કૂવામાં એક પત્થર પર બેસી તે પ્રભુનાં ગુણગાન ગાવા લાગ્યા. જયદેવજીએ વિચાર્યું કે માન ન માન આ બધું રાજાનું ધન લેવાનું પરિણામ છે. એટલામાં ત્યાંથી ગૌડેશ્વર રાજા લક્ષ્મણસેનની સવારી નીકળી. કૂવામાંથી માણસનો અવાજ આવતો સાંભળી રાજાએ કૂવામાં જોવાની આજ્ઞા કરી. તપાસ કરતાં ખબર પડી કે એક માણસ સૂકા કૂવામાં બેસીને કૃષ્ણનામ કીર્તન કરી રહ્યો છે. રાજાની આજ્ઞાથી એ જ ક્ષણે જયદેવને બહાર કાઢવામાં આવ્યા, અને તેમને દવા કરાવવા પોતાની સાથે લઈ ગયા. ત્યાં શ્રી જયદેવજીની વિદ્વત્તા અને તેમના શ્રીકૃષ્ણપ્રેમને જાણીને રાજાને ઘણી પ્રસન્નતા થઈ અને તેમનાં દૈવી ગુણોને જોઈને તેમના ભક્ત બની ગયા. રાજાએ હાથપગ કાપવાવાળાઓના નામઠામ અને દેખાવ પૂછ્યો. જયદેવજી તો નામઠામ કંઈ જાણતા ન હતા. દેખાવ તેમણે એટલા માટે ના બતાવ્યો કે તેમને શોધીને સિપાઈ સજા કરે.

જયદેવજીને રાજાએ પોતાની પંચરત્નસભાના પ્રધાન બનાવી અધ્યક્ષપદ સોંપ્યું. થોડાક સમય બાદ તેમની પત્ની પદ્માવતી પણ રાધાકૃષ્ણની યુગલમૂર્તિ લઈને પતિની પાસે આવી ગઈ. એક દિવસ રાજમહેલમાં કોઈ મહોત્સવ હતો. તેમાં ભોજન કરવા હજારો ગરીબ ભિક્ષુકો, અતિથિ, બ્રાહ્મણો, સાધુ વગેરે આવ્યા હતાં તેમાં સાધુવેશધારી ચાર ડાકુ પણ હતા, જેમણે ધનના લોભથી જયદેવજીના હાથ-પગ કાપીને તેમને કૂવામાં ફેંકી દીધા હતા.

ડાકુઓને શું ખબર કે અમે જેને મરેલો સમજતા હતા તે જ અહીંયા સર્વાધ્યક્ષ છે. ડાકુઓએ દૂરથી જયદેવજીને જોયા અને

તેમને ઓળખી લીધા. તેઓ ગભરાઈને ભાગવાની તક શોધવા લાગ્યા ત્યાંજ જયદેવજીની નજર તેમનાં પર પડી. તેમને જોતાં જ તેમણે એવો આનંદ અનુભવ્યો જાણે વર્ષોથી છૂટા પડેલા ભાઈઓ મળે. ભક્તે મનમાં વિચાર્યું, "આમને ધનની જરૂરત હશે. રાજા મને હંમેશા ધન લેવાનું કહે છે. આજે જો આમને થોડું ધન અપાવવામાં આવે તો ઘણી શાંતિ થાય." જયદેવજીએ રાજા- ને કહ્યું, "મારા કેટલાક જૂના મિત્રો આવ્યા છે, તમે જો ઈચ્છો તો એમને થોડુંક ધન આપી શકો છો." કહેવાની જ વાર હતી ત્યાં તરત જ રાજાએ તેમને પાસે બોલાવી આદરપૂર્વક ભોજન કરાવી, વસ્ત્રાલંકારો આપી, ધનધાન્ય આપી પ્રેમપૂર્વક વિદાય કર્યા. ઉપરાંત રસ્તામાં કોઈ ભય ન રહે તે માટે જયદેવજીએ એક અધિકારી અને ચાર સેવકોને પણ સાથે મોકલ્યા રસ્તામાં આ અધિકારીએ તેમને આટલું બધું માન અને ધન પામવાનું રહસ્ય પૂછ્યું કે "ભાઈઓ! તમારો આ નિઃસ્પૃહ ભક્તવર જયદેવજી સાથે શું સંબંધ છે? જેનાથી તમને આ સંપત્તિ મળી."

પાપી ડાકુઓએ ઈશ્વરના ન્યાય અને બીકને ભૂલીને કપટથી કહ્યું, "સાહેબ! તમારો આ અધ્યક્ષ (જયદેવ) અને અમે લોકો એક રાજ્યના કર્મચારી હતા. અમે બધા અધિકારી હતા અને તે અમારા હાથ નીચે કામ કરતો હતો. એણે એકવાર એવું કુકર્મ કર્યું કે રાજાએ ગુસ્સામાં આવીને એનું માથું ઉડાવી દેવાની આજ્ઞા કરી. એ સમયે અમારી દયાથી તે બચી ગયો અને તેના હાથપગ કપાવીને છોડી દીધો. આ ભેદ અમે ખોલી ન દઈએ એવા ભયથી એણે અમારું આટલું મોટું સન્માન કરાવ્યું. અમે પણ એનું ખરાબ થવાના ભયથી કશું બોલ્યા નહિ."



ડાકુઓનું આટલું જ કહેવું હતું અને ધડામ કરતી ધરતી ફાટી અને ચારે જીવતા દટાઈ ગયા. સેવકો આશ્ચર્યમાં ડૂબી ગયા.

તે પછી અધિકારી સેવકોનાં માથે ધન ઉંચકાવી પાછા રાજ- ધાની આવ્યા. અને રાજાને વિગતે વાત કરી. રાજાએ જયદેવને બોલાવી આશ્ચર્યપૂર્વક બધી વાત કરી. એટલામાં રાજાને જોઈને નવાઈ લાગી અને આનંદ પણ થયો કે જયદેવજીની આંખોમાં અશ્રુધારા વહી રહી છે. અને તેમનાં કપાયેલા હાથ–પગ પૂર્વવત બની ગયા છે. રાજાએ વિસ્મિત થઈ કુતૂહલપૂર્વક આગ્રહથી બધી વાત પૂછી. જયદેવજીને સાચી વાત કહેવી પડી. દયાળુ જય- દેવજીએ કહ્યું, "રાજન્! હું બહું જ અભાગી છું જેને કારણે બિચારા તે ચારેયનો પ્રાણ ગયો." મેં ધનને છોડી દીધું હતું. ફરીથી રાજાના આગ્રહને વશ થઈ તે સ્વીકાર્યું એનાથી જંગલમાં તે બિચારાઓની બુદ્ધિ લોભવશ દુષિત થઈ ગઈ, અને તેમણે ધન પડાવી લેવા મને લૂલો લંગડો કરી કૂવામાં નાંખી દીધો. આવી રીતે તેમણે ધન અને ધન લેવાના પ્રત્યક્ષ દોષ સાબિત કરી મારી સાથે મિત્રતાનો જ વર્તાવ કર્યો. હું એના ઉપકારથી દબાઈ ગયો, એટલા માટે એમને તમારી પાસે ધન અપાવ્યું. વધારે ધન અપાવવાનું એક કારણ એ પણ હતું કે જો તેમની ધનની ઈચ્છા સંતોષાઈ જશે તો તે ડાકુના નિર્દય કામને છોડી દેશે. ચોક્કસ મારા હાથપગ પૂર્વના કોઈ ખરાબ કર્મને લીધે જ કપાયા હતા એ લોભી તો કેવળ નિમિત્ત બન્યા હતા. આજે મારા જ કારણે તેમનું અપ્રાકૃત મૃત્યુ થયું છે. તેથી રડવું આવી ગયું. કદાચ તેમનો જો દોષ હોય તો ઈશ્વર તેમને ક્ષમા કરે. ભગવાને દયા કરી મારા હાથપગ જેવા હતા તેવા બનાવી દીધા. હે રાજન્! આવા મારા પ્રિય શ્રીકૃષ્ણજીને જે નથી ભજતો એના જેવો અભાગી કોણ હશે?"

જયદેવજીની પત્ની પદ્માવતી પણ છાયાની જેમ પતિનું અનુકરણ કરવાવાળી હતી. ઈશ્વર પ્રત્યે તેનો પ્રેમ પણ અસીમ હતો. પતિવ્રત ધર્મનું મહત્ત્વ એ સારી રીતે જાણતી હતી. રાણી, રાજમાતા અને રાજમહેલની અન્ય સ્ત્રીઓ સત્સંગાર્થે પદ્માવતી પાસે આવતી હતી. રાણી બહુ જ સુશીલ, સાધ્વી, ધર્મપરાયણ અને પતિવ્રતા હતી. પણ તે થોડી અભિમાની હતી. પરિણામે તે કોઈક સમયે ખોટું દુઃસાહસ કરી બેસતી હતી. એક દિવસ પદ્માવતી સાથે પણ તે આવું જ કરી બેઠી.

સત્સંગ થઈ રહ્યો હતો. વાતોમાં ને વાતોમાં પદ્માવતીએ સતીધર્મનું માહાત્મ્ય બતાવતાં કહ્યું કે, "જે સ્ત્રી પતિના મરી જવા પછી એના શબની સાથે બળીને સતી થાય છે, તે તો નિમ્ન-સ્તરની સતી છે. ઉચ્ચવર્ગની સતી તો પતિના મરણના સમાચાર સાંભળીને જ પ્રાણત્યાગ કરી દે છે." રાણીને આ વાત કંઈ બરાબર લાગી નહિ. તેને લાગ્યું કે પદ્માવતી પોતાના સતીત્વના ગૌરવને વધારવા કહી રહી છે. તેને ઈર્ષા થઈ. તે પરીક્ષા લેવાનું નક્કી કરી ત્યાંથી બોલ્યા ચાલ્યા વિના મહેલે જતી રહી.

એક દિવસ જયદેવજી રાજાની સાથે બહાર ગયા. રાણીએ વિચાર્યું કે આ કસોટી કરવાનો સારો સમય છે. તેણે દંભ કરી પદ્માવતી પાસે જઈ કપટથી રડતાં કહ્યું કે પંડિતજીને તો વનમાં સિંહ ખાઈ ગયો. ત્યાં તો પદ્માવતી સાંભળતા જ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ કહેતાં પૃથ્વી પર પડી ગઈ! રાણીએ ગભરાઈને જોયું તો પદ્માવતી બેભાન દેખાઈ. તપાસ કરતાં ખબર પડી કે તેનો પ્રાણ ઉડી ગયો છે. તેને પોતાનાં આ ખોટા કર્મ પર ઘણો પશ્ચાત્તાપ થયો. એ વિચારવા લાગી, "હવે હું મહારાજને કેવી રીતે મોઢું બતાવીશ? જ્યારે પતિદેવ પોતાના પૂજ્ય ગુરુ જયદેવજીની



ધર્મશીલા પત્નીની મૃત્યુનું કારણ મને સમજશે ત્યારે તેમને કેટલું દુઃખ થશે! જયદેવજીને પણ કેટલો વિલાપ થશે!"

હે દુર્દૈવ! એટલામાં જ જયદેવજી આવી પહોંચ્યા. રાજા પણ સમાચાર જાણી આવી ગયા, રાણી તો જીવતા જીવ જ મરવા જેવી થઈ ગઈ. જયદેવજીએ રાણીની સખી પાસેથી સર્વે વિગત જાણી કહ્યું, "કહી દો રાણીમાને કે ગભરાઓ નહિ. મારા મૃત્યુના સમાચાર સાંભળવાથી પદ્માવતીના પ્રાણ નીકળી ગયા તો હવે મારા જીવિત અહીં આવી જવાથી એના પ્રાણને પાછા આવવું પડશે." જયદેવજીએ મનમાં ને મનમાં પ્રભુને પ્રાર્થના કરી. મસ્ત બની ગાવા લાગ્યા. ધીરે ધીરે પદ્માવતીના શરીરમાં પ્રાણનો સંચાર થઈ આવ્યો! જોતજોતાંમાં હરિ ભજનથી તે બેઠી થઈ ગઈ અને કીર્તન કરવા લાગી. રાણી આનંદવિભોર બની રડી પડી. ફરી આવું દુઃસાહસ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી. ચારે તરફ આનંદ છવાઈ ગયો. જયદેવજીની ભક્તિ અને પદ્માવતીની પતિભક્તિની કીર્તિ ચારે દિશાઓમાં ફેલાઈ ગઈ.

રાજાની અનુમતિથી જયદેવજી પોતાના ગામ પાછા ફર્યા. અહીં કૃષ્ણપ્રેમમાં ડૂબી તેમણે મધુર 'ગીત–ગોવિન્દ'ની રચના કરી.

એક દિવસ શ્રી જયદેવજી 'ગીત–ગોવિન્દ'ની કવિતા લખી રહ્યા હતા, પરંતુ તે પૂરી ન હતી થઈ શકતી. પદ્માવતીએ કહ્યું, "દેવ! સ્નાનનો સમય થઈ ગયો છે, હવે લખવાનું બંધ કરીને આપ ગંગાસ્નાન કરી આવો તો સારું થશે." જયદેવજીએ કહ્યું, "પદ્મા! જાઉં છું. શું કરું? મેં એક ગીત લખ્યું છે પણ એનું શેષ ચરણ બરાબર બેસતું નથી. તમે પણ સાંભળો.–

स्थलकमलगञ्जनं मम हृदयरञ्जनं
जनितरतिरङ्गपरभागम्।
भण मसृणवाणि करवाणि चरणद्वयं
सरसलसदलत्तककरागम्॥
स्मरगरलखण्डनं मम शिरसि मण्डनम्-

**અર્થ:**—સ્થળ કમળનો ઉઘાડ મારા હૃદયને ખુશ કરનાર છે. રતિરંગનો પરમભાવ ઉત્પન્ન કરે છે. તું મીઠી વાણી બોલ. હું તારા બે ચરણોને સરસ બનાવી દઉં. કામરૂપી વિષનું ખંડન એ મારા મસ્તકનું આભૂષણ છે.

—એના પછી શું લખું? કંઈ નક્કી કરી શકતો નથી." પદ્માવતીએ કહ્યું "એમાં ગભરાવાની શું વાત છે? ગંગા સ્નાનથી પાછાં આવતા બાકીનું ચરણ લખી લેજો."

સારું, "તું કહે છે તેમ. ગ્રંથને અને કલમ ખડિયા ને ઉઠાવી-ને બાજુ પર મૂકી દો. હું હમણાં સ્નાન કરીને આવું છું. જય-દેવજી આવું કહીને સ્નાન કરવા જતા રહ્યા. થોડીક જ વારમાં જયદેવનું સ્વરૂપ લઈને ખુદ ભગવાન શ્રીકૃષ્ણ આવ્યા અને કહ્યું, "પદ્મા! જરા ગીત—ગોવિન્દ આપ તો."

પદ્માવતીએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, "તમે હમણાં તો સ્નાન કરવા ગયા હતા ને? વચ્ચેથી જ પાછા આવ્યા?" મહા-માયાવી શ્રીકૃષ્ણ કહ્યું, "રસ્તામાં જ મને અંતિમ ચરણ યાદ આવી ગયું એટલે પાછો આવી ગયો." પદ્માવતીએ ગ્રંથ, કલમ અને ખડિયો લઈ આપ્યો. જયદેવ સ્વરૂપધારી ભગવાને—

'देहि मे पदपल्लवमुदारम्।'

**અર્થ:**—મને પ્રતિપળ તારી કૃપાનો અંશ આપ. અથવા મને તારું ઉદાર ચરણ પલ્લવ (પાંદડું) આપ.



—લખીને કવિતા પૂરી કરી દીધી. તે પછી પદ્માવતીની પાસે પાણી મંગાવી સ્નાન કર્યું. અને પૂજા વગેરેથી નિવૃત્ત થઈ ભગવાન પદ્માવતીનાં હાથનું બનાવેલું ભોજન કરી પલંગ પર સૂઈ ગયા.

પદ્માવતી થાળીમાં વધેલો પ્રસાદ લેવા લાગી એટલામાં જ સ્નાન કરીને જયદેવજી પાછા આવ્યા. પતિને આ રીતે આવતા જોઈને પદ્માવતી સ્તબ્ધ થઈ ગઈ. અને જયદેવજી પણ પત્નીને ભોજન કરતાં જોઈને નવાઈ પામ્યા? જયદેવજીએ કહ્યું, "આ શું પદ્મા? આજે તું શ્રીકૃષ્ણને થાળ ધરાવી મને ભોજન આપ્યા વગર કેવી રીતે જમી રહી છે? તારું આવું વર્તન તો મેં કદી જોયું નથી."

પદ્માવતીએ કહ્યું, "તમે આ શું કહો છો? તમે તો કવિતાનું છેલ્લું ચરણ લખવાને માટે રસ્તામાંથી જ પાછા આવ્યા હતા. કવિતાની પૂર્તિ કરી પછી તમે હમણાં તો સ્નાન, પૂજન, ભોજન કરીને સૂતા હતા. અને એટલી વારમાં તો હું તમને ફરી સ્નાન કરી આવતા કેવી રીતે જોઈ રહી છું?" જયદેવજીએ જઈ જોયું તો પલંગ પર કોઈ સૂતું ન હતું. તે સમજી ગયા કે આજે નક્કી ભક્તવત્સલ પ્રભુની કૃપા થઈ છે. પછી કહ્યું, "સારું, પદ્મા, લાવ તો જોઈએ કવિતાની કેવી પૂર્તિ થઈ છે?"

પદ્માવતી ગ્રંથ લઈ આવી. જયદેવજીએ તે જોઈને મનમાં ને મનમાં કહ્યું આ તો મારા મનમાં હતું જ પણ મેં સંકોચને કારણે લખ્યું ન હતું. પછી તે બે હાથ ઉપર કરી ફેલાવી રડતા રડતા કહેવા લાગ્યા, "હે કૃષ્ણ! પ્રાણપ્રિય! નંદનંદન! આજે કયા અપરાધથી આ જીવનો ત્યાગ કરી આપે કેવળ પદ્માનો મનોરથ પૂર્ણ કર્યો?" એવું કહી જયદેવજી પદ્માવતીની થાળીમાંથી શ્રી-

હરિનો પ્રસાદ ખાવા લાગ્યા. પદ્માવતીએ કેટલીય વાર રોકીને કહ્યું, "નાથ! તમે મારું એઠું ક્યાં ખાવ છો?" પરંતુ પ્રભુપ્રસાદના લોભી જયદેવે તેમની એક પણ વાત સાંભળી નહીં.

આ પ્રસંગ પછી તેમણે 'ગીત–ગોવિન્દ'ને ઝડપથી પૂર્ણ કરી દીધું. તે પછી તેને ગાઇને મસ્ત બની તે ફર્યા કરતા. જયદેવ ગાતા ગાતા જ્યાં પણ જતા ત્યાં ભક્તનો કોમળ મધુર ગાન સાંભળવા શ્રીકૃષ્ણ સંતાતા તેમની પાછળ પાછળ રહેતા. ધન્ય છે પ્રભુ!

અંત સમયમાં શ્રી જયદેવજી પોતાની પતિપરાયણ પત્ની પદ્માવતી અને ભક્ત પરાશર, નિરંજન વગેરેને સાથે લઇ વૃંદાવન જતા રહ્યા. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણની મધુર લીલા જોઇ જોઇને આનંદ લૂંટવા લાગ્યા. કહેવાય છે કે વૃંદાવનમાં જ આ દંપતી દેહ છોડીને નિત્યનિકેતન વૈકુંઠમાં ગયા.

એમનાં સ્મરણ અર્થે દર વર્ષે માઘ સંક્રાન્તિ પર કેન્દુબિલ્વ ગામમાં મેળો ભરાય છે. જેમાં આશરે લાખથી પણ વધુ સ્ત્રી–પુરુષો ભેગાં મળે છે.

भज गोविन्दम् भज गोविन्दम् गोविन्दम् भज मूढमते।
गोविन्दम् भज मूढमते ॥


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦




# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## મહાત્મા મસ્તરામજી

સૌરાષ્ટ્રમાં મહાત્મા મસ્તરામજી નામે એક સંત થઇ ગયા. તેમના પૂર્વજીવન વિષે કાંઇ માહિતી સાંપડતી નથી. જીવનની ત્રણ મુખ્ય જરૂરિયાતો સર્વાનુમતે ગણાઇ છે. (૧) રહેવાને ઘર. (૨) પહેરવાને કપડાં (૩) ખાવાને અન્ન, પરંતુ આ જરૂરિયાતોની જેમને 'રામનામ શું તાલી લાગી છે' તેમને લેશ પણ પરવા હોતી નથી. તેવા જ આ મહાત્મા હતા. તેમનાં માત–પિતા, જન્મસ્થળ, જ્ઞાતિ, કે નામ વિષે કાંઇ જ માહિતી મળતી નથી, પરંતુ આવી મસ્તદિશામાં રહેતા હોવાથી જ તેઓ 'મસ્તરામજી' નામે ખ્યાતિ ધરાવતા થઇ ગયા હશે તેમ જણાય છે. (તાજેતરમાં ભાવનગર પાસે ચિત્રા ગામે જે મસ્તરામજી થઇ ગયા તે સંત અને આ મસ્તરામજી જુદા છે. આ સંત ભાવનગરના મહારાજા સર તખ્તસિંહજીના સમયમાં થઇ ગયા એટલે અઢારમી સદીના આ પ્રસંગો છે.)

આ સંતનો લાભ ત્રીસેક વર્ષ સુધી સૌરાષ્ટ્રને મળ્યો હતો. ભાવનગરના તે સમયના રાજવી તખ્તસિહજી મહારાજા એમને ગુરુ માનતા. તેમ જ ગોંડલ, પોરબંદર તથા લાઠીનાં રાજકુટુંબો પણ તેમનાં ભક્તજનો હતાં.

એમને માટે તખ્તસિહજી મહારાજે એક સારું મકાન બંધાવી આપવા કહેલું પરંતુ તેનો આ મહાત્માએ અસ્વીકાર કરતાં એ

રાજવીને જણાવેલ કે ‘મકાન થાય એટલે પછી એક પ્રકારનું બંધન ઊભું થાય. તેવા બંધનમાં હું પડવા નથી માગતો.’ તેઓ કોઈ પણ સ્થળે પૂરા પંદર દિવસ પણ રહેતા નહિ ‘સાધુ તો ચલતા ભલા’ તે કહેવત પ્રમાણે જ તેઓ વર્તતા.

ઘણુંખરું જ્યારે ભાવનગર પધારતા ત્યારે તળાવને કાંઠે (હાલ શહેરની મધ્યમાં છે તે જ તળાવ) પીપરોનાં વૃક્ષો નીચે આસન જમાવી બેસતા, ઊઠતા તથા સૂતા. ભક્તો ત્યાં જ આવી સત્સંગ કરતા. કોઈક વખત તો રાત્રે વળી કોઈ નિર્જન સ્થાન યા જંગલમાં ઝાડ તળે કે ઓટલા પર યા પથ્થરની છાટ પર સૂઈ રહેતા.

આ એકાંતસેવનના પ્રેમને લીધે તામસી જનો તરફથી આ કોટિના મહાત્માઓને ઉપદ્રવ થયાના અનેક દાખલાઓ છે. અલબત્ત, મહાત્માઓ ધ્યાનમસ્ત દશામાં રહેતા હોવાથી આવા ઉપદ્રવોનો એમને કાંઈ હિસાબ નથી હોતો, એટલું જ નહિ પણ કેટલાક મહાત્માઓ તો એવા ઉપદ્રવોને જાણી જોઈ આમંત્રણ આપી વધાવી લેતા હોય છે. આદ્ય શંકરાચાર્યે કાપાલિકને હાથે શિરચ્છેદ કરાવી લેવાની જે તૈયારી કરેલી તે આ પ્રકારનું ઉદાહરણ છે.

મહાત્મા મસ્તરામ એક વાર વરતેજ ગામની બહાર નદીતીરે જંગલમાં એક વૃક્ષ નીચે રાત્રિએ રહેલા. સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી એમના નિત્યનિયમ પ્રમાણે સમાધિમાં તેઓ બેઠા અને ધ્યાન નિમગ્ન થઈ ગયા. એટલામાં પોતાની વાડીઓમાં રાતવાસો કરવા ગયેલા ત્રણચાર ગરાસિયા યુવાનો તાજા હોકા ભરી મળસ્કામાં પોતાને ઘેર પાછા ફરતા હતા. તેમની નજર નદીની



રેતીમાં ટટ્ટાર બેઠેલા પહેલવાન જેવા આ આદમી પર પડી. એમને વહેમ ગયો કે, કોઈ ઉઠાવગીર પોતે પકડાઈ ન જાય તેથી ઢોંગ કરી આ પ્રમાણે બેસી ગયો છે. એમની પૂંઠ ફરતા જ પોતાના ખેતરનો માલ લૂંટી એ ચાલ્યો જવાનો. આથી એમણે મહારાજને ‘અલ્યા કોણ છો? કોણ છો?’ એવા બેચાર સાદ પાડ્યા. મહારાજ તો ધ્યાનમગ્ન હતા તેથી એમને કાંઈ ઉત્તર ન મળ્યો. કોઈ જાતનો ઉત્તર ન મળવાથી એ બધા મહારાજ પાસે આવ્યા અને ફરી બૂમો પાડી બોલાવવા લાગ્યા પણ મહારાજ તો સમાધિસ્થ બની ગયેલા તે ક્યાંથી સાંભળે? આથી આ અજ્ઞાન ગરાસિયાઓને પોતાનું અપમાન થયેલું લાગ્યું ને તેઓ ફાવે તેમ બોલવા લાગ્યા. તોયે મહારાજના તરફથી તો કોઈ ઉત્તર ન મળ્યો તે ન જ મળ્યો. ન કાંઈ શરીરની આકૃતિ યા ચહેરામાં પણ કાંઈ ફેર પડ્યો! આથી તે અણસમજુ લોકો ક્રોધે ભરાયા ને તેમાંના એકે પોતાના હોકામાંથી ધગધગતો અંગારો લઈ મહારાજના ઉઘાડા સાથળ પર મૂક્યો અને હવે આ ઠગ બરોબર કૂદાકૂદ કરશે એવી ખાતરીથી એ કુતૂહલ જોવા ત્યાં ઊભા રહ્યા. પરંતુ મહારાજ તો આંખો બંધ કરી સમાધિમાં જેવા તલ્લીન હતા તેવા જ રહ્યા. યુવાનો તો ધારતા હતા કે, આ બધો ઢોંગ છે.

મહાત્માજીને સાથળ પર મૂકેલા અંગારાથી ફોલ્લો ઊઠ્યો. અંગારો ફોલ્લાથી ઊંચો આવ્યો. એકબે મિનિટે તે ફોલ્લો ફૂટી ગયો ને અંગારો નીચે પડ્યો તોપણ મહારાજ તો સમાધિમાં જ લીન હતા. સૂર્યોદય થવાની તૈયારી થઈ ત્યારે મહારાજની સમાધિ ઊતરી. જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ સમાધિમાંથી જાગ્રત થતાં જ મહારાજે ઊઠી ત્યાંથી ચાલવા માંડ્યું. હવે પેલા અજ્ઞાની

યુવાનોને મહારાજશ્રીના અધિકારની ખાતરી થઈ. તેઓ ખૂબ પસ્તાયા અને ભય પણ પામ્યા. જો કે મહાત્માને એ કનડગતની ખબર સુદ્ધાં નહોતી.

* * *

મહારાજશ્રી શિહોર જતા ત્યારે એમના એકાંતપ્રેમને લીધે તેઓ સત્યનારાયણના મંદિરની બહાર ઈંટ તથા ચૂનાની ભઠ્ઠી આગળ જ મુકામ કરતા. આ જગ્યાથી પંચના જાજરૂ થોડે જ દૂર હતાં, તેથી કોઈ વાર દુર્ગંધ પણ આવતી. તેમને મન સુગંધ અને દુર્ગંધ સમાન જ હતાં. તેઓ ત્યાં જ બેસતા. દર્શને આવનાર ભક્તોને પણ ત્યાં જ બેસવું પડતું.

* * *

મહાત્માઓ તો પરિગ્રહની પરાકાષ્ટાએ વસેલા હોય છે. તે જ કોટિના આ મહાત્મા પોતે કપડામાં એક લંગોટ અને એક અંચળો થઈ કુલ બે વસ્ત્રે જ રાખતા, ત્રીજું વસ્ત્ર સંઘરતા નહિ!

એક વખત ઠંડીની ઋતુ હતી. તે દિવસે ટાઢ પણ ખૂબ જ હતી. ઠંડા પાણીથી સ્નાન કરી પ્રભાતમાં ઉઘાડે શરીરે ફરતા ફરતા મહારાજ ધ્રૂજતા હતા. આ સમયે પોતાના નિવાસસ્થળ મોતી-બાગની બહાર નીકળતાં તખ્તસિંહજી મહારાજની દૃષ્ટિ એમના તરફ પડી. તેમણે એક સેવકને પોતાની કિંમતી ગરમ કાશ્મીરી શાલ આપીને તે શાલ સ્વામીજીને ઓઢાડી આવવા કહ્યું.

સેવકે તે શાલ મહાત્માજીના શરીર પર વીંટી દીધી, પણ તેમણે શાલ પકડી રાખવાની પરવા ન કરી. આથી એ બેચાર ડગલાં ચાલ્યા કે શાલ ખભા પરથી ભોંય પર પડી ગઈ. સેવકે આ વાત મહારાજાને કહી. આથી મહારાજાએ સેવકને મહારાજશ્રીની



પાછળ જઈ જેટલી વખત શાલ પડી જાય તેટલી વખત ફરી ફરી એમને લપેટવાની આજ્ઞા કરી. મહારાજશ્રીએ સેવકને એ પ્રમાણે કેટલાક દિવસ કરવા દીધું. આથી રાજા સમજ્યા કે, મહારાજશ્રીને એમની આ સેવા પસંદ પડી ગઈ છે. મહારાજશ્રીને ઠંડીનો ઉપદ્રવ થાય નહિ તે હેતુથી એક સેવકની કાયમી નિમણૂંક આ કાર્ય માટે કરવાનો નિશ્ચય કરી મહારાજાએ મહારાજશ્રીને તે બાબતમાં પરવાનગી આપવા વિનંતિ કરી.

મહારાજશ્રીએ રાજાને હસીને કહ્યું, "જો, મારે આ દસ ઇન્દ્રિયો છે એ મારા દસ સેવકો જ છે. એ સેવકો મારી આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરતા જ નથી. આંખને જોવાનો હુકમ કરું એટલે તે બરાબર જુએ છે. કાનને તેવી જ રીતે આજ્ઞા કરતાં તે બરાબર સાંભળે છે. આટલા બધા દસ આજ્ઞાધારક સેવકો હોવા છતાં હવે વળી અગિયારમાનો બોજો વધારવાની શી જરૂર છે?"

વળી બીજી એક વાર મહારાજશ્રી પોષ માસની કડકડતી ઠંડીમાં ભાવનગરમાં દૂરના એક સ્થળે રસ્તાની બાજુમાં આવેલા એક ઝાડ નીચે ખુલ્લા ડિલે બેઠા હતા. શરીર શરીરધર્મ પ્રમાણે ધ્રૂજતું હતું પણ મહારાજશ્રી તો રામભજનમાં મસ્ત હતા. એવામાં તખ્તસિંહજી ગાડીમાં બેસી સવારો સાથે ફરવા નીકળેલા.

તેમણે મહારાજશ્રીને આ રીતે ધ્રૂજતા બેઠેલા જોયા. તેથી પોતે ગાડી ઊભી રખાવી નીચે ઊતર્યા. મહારાજશ્રી પાસે જઈ પ્રણામ કર્યા અને પોતાની શાલ એક સેવકને આપી તે મહા-રાજશ્રીને ઓઢાડવા કહ્યું. સેવકે તે શાલ મહારાજશ્રીના શરીર પર લપેટી દીધી અને પછી બધાય ફરવા ગયા. ફરી રહ્યા પછી પાછા એ જ રસ્તે આવ્યા ને જુએ છે તો મહારાજશ્રીની બેઠક પર

એક કૂતરું હતું ને તેના શરીર પર એ શાલ વીંટાળેલી હતી. મહારાજશ્રી તો ત્યાંથી થોડે છેટે ક્યાંક જતા હતા. મહારાજાએ ગાડી ઊભી રખાવીને મહારાજશ્રીને પ્રણામ કરી ગાડીમાં બેસી જવા આગ્રહ કર્યો. મહારાજશ્રીએ કહ્યું 'ઈશ્વરે આપેલા પગ જ મારું ઉત્તમ વાહન છે.' અને વાહનમાં ન બેસવાના નિત્યનિયમમાં કડક રહી તેઓ ગાડીમાં ન બેઠા.

મહારાજાએ એમને શાલ ન ઓઢી રાખવાનું કારણ પૂછ્યું, ત્યારે મહારાજશ્રીએ જવાબ આપ્યો, 'આ શરીર ઠંડીથી ધ્રૂજતું જોઈ તમે શરીર પર શાલ લપેટાવી હતી. તરત જ આ કૂતરું ઠંડીથી ધ્રૂજતું મારી પાસે આવ્યું; એટલે મને વિચાર આવ્યો જીવાત્મા તો કૂતરામાં ને માણસમાં સરખો જ છે. મારો ધર્મ ભૂતદયાનો છે, તો મારે આ શાલ એને જ ઓઢાડી દેવી જોઈએ. તેમાં જ મારો ધર્મ સમાયેલો હતો અને તે જ મેં માત્ર બજાવ્યો છે, બીજું અણઘટતું યા વધારે પડતં કાંઇ જ કર્યું નથી.'

* * *

મહાત્મા મસ્તરામજી સાદો ખોરાક લેવાના વ્રતનું કડકપણે પાલન કરતા. ખાસ કરીને બાજરી, જુવારના રોટલા કે ઘઉંના લોટની ભાખરી યા રોટલી કોઇ પણ પ્રકારના ચોપડ વિના જ, દાળ, છાશ યા તો શાક સાથે લેતા. ખીચડી, દાળભાત, કઢી કે દૂધ પણ લેતા પરંતુ મિષ્ટાન્ન કદી લેતા નહિ.

કોઇ ભાવિક ભક્ત ભિક્ષા માટે પ્રેમથી લઇ જાય અને જો મિષ્ટાન્ન પીરસે તો તે ઉઠાવી લેવાની આજ્ઞા કરતાં સ્પષ્ટ કહેતા, 'અમારા જેવા ત્યાગીને આવાં મિષ્ટાન્ન વડે ઇન્દ્રિયો વકરાવીને શું કામ છે?' જો એ પ્રમાણે કહ્યા છતાં યજમાન ભાણામાંથી



મિષ્ટાન્ન ઉઠાવી ન લે તો ભોજન કર્યા વિના જ તેઓ ચાલ્યા જતા. મિષ્ટાન્ન માટે કોઇ પ્રેમાળ ભક્તનો અતિ આગ્રહ હોય તો તેનો એક જ ગ્રાસ લઇ બાકીનું બધું બાજુએ મૂકી દઇ સાદો ખોરાક જ લેતા.

મુસાફરીમાં ફરતાં ફરતાં કોઇ ગામડામાં જતા અને ભૂખ લાગતી તો જેનું ઘર દેખે ત્યાં જઇ ઊભા રહી બૂમ પાડે, 'માઇ, ભૂખ લાગી છે, ખાવું છે!' એ સાંભળી ઘરવાળાં સ્રી રોટલો આપતાં તો ત્યાં બેસીને જ ખાઇ લેતા ને રોટલાને અભાવે લોટ આપતાં તો લોટ ફાકી લઇ, પાણી માગી પી લેતા અને પાછી પોતાની મુસાફરી ચાલુ કરતા.

એક દિવસ બોટાદના પ્રતિષ્ઠિત રૂના વેપારીએ મહારાજને ભોજન માટે આમંત્રણ આપ્યું. મહારાજશ્રીએ તે સ્વીકાર્યું ને જમવા ગયા. ભાણા પર બેઠા તો તેમાં જુદી જુદી વાનીઓ સાથે શીરો પીરસેલો જોયો. આ જોઇ મહારાજશ્રી બોલ્યા, 'રાયચંદ, યે તેરા લોચા ઇધરસે ઉઠા લે. સાધુકો સાદા ભોજન ચાહિયે. મિષ્ટાન્ન ખિલાકર ઉસકી ઇન્દ્રિયોકો નિર્બંધ મત બનાવો.'

* * *

એક વખત બોટાદમાં જ મહારાજશ્રી રાજમાર્ગ પરથી જતા હતા. તે વખતે એક પટેલે એમને ભિક્ષા લેવા બોલાવ્યા. મહારાજશ્રીએ હા કહી એટલે મહારાજશ્રીને ઘેર લઇ ગયા. સ્રી પાસે લાડુ તૈયાર કરાવી કલાકેકમાં ભાણું પીરસી મહારાજ આગળ મૂક્યું. ભાણામાં લાડુ સિવાય બીજું કાંઇ જ ન જોવાથી મહારાજે ઊઠી ચાલવા માંડયું. આથી પટેલે બહુ વિનયથી આજીજીપૂર્વક એમ ન કરવા વિનંતિ કરી. મહારાજે કહ્યું, 'તારે

ભિક્ષા જ આપવી હોય તો રોટી સિવાય મારે બીજું કાંઇ ચાલે એમ નથી, પછી પટેલે રોટી, છાશ પીરસ્યાં. તે પ્રેમથી આરોગી મહારાજ પોતાને રસ્તે ચાલ્યા ગયા.

* * *

જેમ પ્રેમ ધરાવનાર આવા ભક્તો હતા તેમ ક્વચિત્ મહારાજશ્રીની પરીક્ષા કરવાને પણ ભિક્ષા માટે બોલાવનારા હતા.

એક ગામમાં એક બાઇએ મહારાજને ભિક્ષા લેવા બોલાવ્યા અને થાળીમાં એક રોટલો અને સાથે મરચાંની ચટણીનો મોટો લાડુ જેવો ગોળો પીરસી મહારાજ આગળ મૂક્યાં. મહારાજશ્રીએ રોટલો પ્રેમથી ખાઇ મરચાંનો ગોળો એમ જ રહેવા દીધો. આ જોઇ મહારાજશ્રીની તિતિક્ષા જોવા પેલી બાઇ મહારાજશ્રીને આગ્રહપૂર્વક કહેવા લાગી. 'આ ભાણામાં મરચાંનો ગોળો પીરસેલો છે તે કેમ લેતા નથી? તે પણ ખાવને!' આથી મહારાજશ્રીએ એ આખો જ મરચાંનો લાડુ મોંમાં મૂકી પાણીના ઘૂંટડા સાથે ગળે ઉતાર્યો અને હાથ ધોઇ જવા માંડયું. ત્યારે આ જોઇ વિસ્મિત થયેલી બાઇએ મહારાજશ્રીની ક્ષમા યાચી. સર્વ ભૂતોમાં ભગવંતની ભાવના રાખનાર મહારાજશ્રીએ તો જાણે કાંઇ બન્યું જ ન હોય તેમ એનું કલ્યાણ ઇચ્છી ત્યાંથી પ્રયાણ કર્યું.

* * *

એક પારસી કુટુંબમાં પત્ની પ્રથમથી શ્રદ્ધાળુ અને ભક્તિવાન હતાં. તેમના પતિ સંન્યાસી બાવાઓને નિરર્થક આયુષ્ય ગાળી ભૂમિ પર બોજારૂપ બનવાનું માનનારા પૈકી હતા. એક વાર પોતાના જીનથી થોડે દૂર જતાં મહારાજશ્રી પર એમની દૃષ્ટિ પડી. એમણે એમનાં પત્નીને કહ્યું, 'જુઓ પેલા સાધુબાવા! કેવા



અલમસ્ત છે! લોકો એમને માલમલીદા ખવડાવે છે અને આ લોકો તગડા બની બેફિકરા સાંઢ જેવા રખડી ખાય છે. ચોરી કરી લોકોને ધૂતતા ફરે છે.' મહારાજશ્રીના કાન સાથે આ શબ્દો અથડાયા પણ પાછું વાળીને જોયા વગર પોતાના નિજાનંદમાં જ તેઓ તો એમને રસ્તે ચાલ્યા ગયા.

આ પછી ત્રીજે જ દિવસે એ પારસી ગૃહસ્થ રૂસ્તમજી અને એમનાં પત્ની પ્રેસની ઓફિસ આગળ ખુરશી પર બેઠાં હતાં એવામાં એકાએક મહારાજશ્રી ત્યાં આવી ચડયા અને એ પારસી પત્ની માણેકબાઇ આગળ જઇ ઊભા. સ્ત્રીએ તરત જ ઊભાં થઇ પ્રણામ કર્યા એટલે મહારાજશ્રીએ કહ્યું, 'બેટી, ભૂખ લગી હૈ, કુછ રોટી દે!' હિંદુ સાધુને પોતે પોતાને ત્યાંનો ખોરાક કેમ આપી શકે? એ પવિત્ર માણેકબાઇએ પોતાના વાણિયા મહેતાજીને ત્યાં જઇ આ વાત કરી એટલે મહેતાજીનાં પત્નીએ થોડી રોટલી ને શાક એક થાળીમાં પીરસી મહારાજશ્રીની આગળ મૂક્યાં. તે ખાઇ મહારાજશ્રી પાણી પી ત્યાંથી જે ઝડપથી આવ્યા હતા તે ઝડપથી જ પ્રયાણ કર્યું. રૂસ્તજી આ બધું જોઇ રહ્યા, પણ કાંઇ જ બોલ્યા નહિ.

એ જ રાત્રે બ્રાહ્મમુહૂર્તમાં આ ભક્ત શ્રી માણેકબાઇને એક સ્વપ્ન દેખાયું. તેમાં મહારાજ એકાએક એમની પાસે આવી ઊભેલા દેખાયા. માણેકબાઇએ ઊભાં થઇ નમસ્કાર કર્યા, પછી બે હાથ જોડી ઊભાં રહ્યાં. થોડી વારે મહારાજે કહ્યું, 'બેટી! તું તો ભક્તાત્મા છે. આજથી તું નિરામિષ (માંસ વિનાનું) ભોજન લે જે. તારા પતિ દુરાગ્રહ કરે તો તું એમને માંસવાળું ભોજન રાંધી આપજે પરંતુ તું એવું ભોજન લઇશ નહિ. એ રીતે રહીશ તો તારે

ઘેર તૈયાર કરેલું ભોજન હું લઈશ.' આટલી વાત કરી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સવારે ઊઠી દાતણપાણી થયા બાદ ચા પીતાં પીતાં માણેકબાઈએ સ્વપ્નની વાત એમના પતિને કરી. શેઠ રૂસ્તમજી એ વૃત્તાંત સાંભળી ખૂબ હસ્યા અને માણેકબાઈને કહ્યું, 'એવી ધર્મઘેલછામાં ના ફસાઈશ. માંસાહાર વધુ પુષ્ટિકારક અને આરોગ્યદાયક છે. હું તો તે જ લઈશ અને તમારે જ તે તૈયાર કરી આપવાનું !' માણેકબાઈએ શેઠને વિનયપૂર્વક સમજાવવા પ્રયત્ન કર્યો પણ તે એકના બે ન થયા, એટલે માંસવાળું ભોજન એમને રાંધી આપવા માણેકબાઈ કબૂલ થયાં.

એ જ દિવસે રૂસ્તમજીએ એવું ભોજન તૈયાર કરવા આજ્ઞા આપી. માણેકબાઈએ તે તૈયાર કરી એમના ભાણામાં યથાયોગ્ય રીતે પીરસ્યું. કર્મધર્મસંયોગે બન્યું એવું કે, એ અન્ન ભાણામાં જોતાં જ રૂસ્તમજીને ઊબકા આવવા લાગ્યા ને ભોજન પ્રત્યે તિરસ્કાર છૂટયો. ફરી બેત્રણ વાર માંસવાળું ભોજન કરાવ્યું પરંતુ એમને કોઈ અકળ કારણે અચૂક ઊબકા આવતા અને એ અન્ન પર તિરસ્કાર છૂટતો. આખરે રૂસ્તમજી આમિષવાળા ભોજનમાં રહેલી હિંસાનું પાપ સમજી ગયા અને એમણે સદાને માટે માંસાહાર છોડી દીધો. તેઓ મહારાજશ્રીના ભક્ત બની ગયા.

(ક્રમશઃ)



# સદ્ગતિ

કમલ સુથાર

ગતિ એટલે કોઈપણ વસ્તુ, પશુ, પક્ષી, કે મનુષ્યનું એક સ્થળેથી બીજે સ્થળે જવું. જીવજંતુઓનું એક સ્થળેથી બીજે સ્થળે સરકવું. જીવજંતુઓ, પશુઓ ગતિ કરે છે પણ પ્રગતિ નહીં. કેમકે પશુઓમાં જીવજંતુઓમાં બુદ્ધિ નથી. જાગૃત વિવેકશક્તિ નથી. એટલે એ જ્યાં–ત્યાં ભટકી, ભસી લાવાં નાંખી પાશવિક ઉત્પાત કરી કાળનો કોળિયો બની જાય છે. એમનું કોઈ ઉદાત્ત લક્ષ્ય હોતું નથી. એટલે એમની ગતિ પણ કોઈ નિશ્ચિત દિશામાં હોતી નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર વૃત્તિઓના સીમિત ઘેરાવામાં એમની ઘાણીના બળદિયાની જેમ પાશવિક આંધળી ગતિ હોય છે. એટલે એ ગતિ કરે છે પણ પ્રગતિ કરતાં નથી. અને મૃત્યુ પછીય એમની ઊર્ધ્વગતિ કે સદ્ગતિ થતી નથી. આવાં બુદ્ધિહીન પશુઓ જન્મમરણના ફેરામાં જન્મજન્માન્તરો સુધી ભટકતાં રહે છે. વિયાયેલી ડુક્કરીઓ કે કૂતરીઓ પંદર–વીસ ડુક્કરિયાં કે કુરકુરિયાંને લઈને રાત–દિન જ્યાં–ત્યાં જાહેર રોડ ઉપર જેના ને તેના ઘર આગળ ભટકતાં, ભસતાં, ગંદગી ખાતાં ગટરો ઉપર પડી રહે છે. અને મૂડ આવતાં પાશવિક ઉત્પાત કરતાં રહે છે. એ ભગવાનને પણ ભસે છે. કરડવા હવાતિયાં મારે છે. એમાં દોષ ભગવાનનો નહીં પણ આ હડકાયાં કૂતરાં–ડુક્કરાંનો છે. કેમકે એમનામાં બુદ્ધિ નથી. એટલે વિવેક પરમવિવેક જાગૃત નથી. એ ગતિશીલ છે પણ પ્રગતિશીલ નહીં. એ પાશવિક ભૂમિકા ઉપર ઉત્પાત કરી અંતે કાળનો કોળિયો બની જાય છે.

મનુષ્યમાં બુદ્ધિ છે. વિવેક છે. સાર–અસારનો નિર્ણય કરવાની શક્તિ છે. તે સત્ય–અસત્યનો ભેદ પારખી શકે છે. શાશ્વત–નશ્વરનો ભેદ પારખી શકે છે. કેમકે મનુષ્યમાં બુદ્ધિ છે. એટલે એનામાં વિવેક, પરમવિવેક જાગૃત છે. વિવેકબુદ્ધિથી તે પોતાનું સાંસારિક તેમજ પારલૌકિક લક્ષ્ય નક્કી કરે છે. અને એ લક્ષ્યને સિદ્ધ કરવામાં એ ગતિશીલ રહે છે. એની એક નિશ્ચિત દિશામાં ગતિ છે. નદીના પ્રવાહમાં ઝાડ, ઝાંખરાં, પાંદડાં, કાંટા, કાંકરા, જડ પદાર્થો પ્રવાહ સાથે વહી જાય છે. તે જડ છે તેથી પ્રવાહ સાથે ઘસડાઇને ગતિ કરે છે પણ સાચા પ્રવાહે વહી પ્રગતિ કરતાં નથી. હિંમત કરતાં નથી. એ પ્રવાહ સાથે મડદાંની જેમ વહી જાય છે.

જે સદ્કર્મ કરે છે એની જ સદ્ગતિ થાય છે. ગુજરાતી ભાષામાં એક કહેવત છે : "જેવું વાવે તેવું લણે. ને જેવું કરે તેવું પામે." કોઇ અંગૂઠાછાપ ગૂંગાંખાતી, માથું ખંજવાળતી ગલબી ઘાટણ રાત–દાડો જાહેર રોડ ઉપર ભટકતી ગટરો પાસે બેસી ભગવાનને ભસતી, લવારા કરતી, ડોબરિયાં, ડુક્કરિયાં, નાવોળિયાં, કે કૂતરિયાંને લઇ પાશવિક ઉત્પાત કરતી ભગવાનને કરડવા માટે હવાતિયાં મારતી હોય તો તે તેની બહાદુરી નથી પણ તેની પશુતાનું આંધળું પ્રદર્શન છે. તે ગતિ કરે છે પણ પ્રગતિ નહીં. કેમકે આ બે–પગી પૂંછડી વગરનીમાં બુદ્ધિ નથી. આમ કરવાથી તે સતિ સાવિત્રી કે સતિ સીતા પણ બની જતી નથી. કે મરણ પછીય એની સદ્ગતિ પણ થતી નથી. એ કરોડો જન્મો લોટા ઢોળ્યા કરે, કે ગટરો ઉલેચ્યા કરે, કે ડોબરાં, ડૂકરાં સાથે જ્યાંત્યાં પધરામણી માટે ફરતી રહે તેથી તેનો કરોડો જન્મોમાંય ઉદ્ધાર થતો નથી. તેની સદ્ગતિ થતી નથી. પણ તે નરકમાં પડે છે. તેની



અધોગતિ થાય છે. એ કૂતરાં–ડૂકરાંના રૂપમાં જ જન્મે છે. રઘલો કુંભકરણ, નપુંસક દારૂડિયો દારૂ પીને જાહેર રોડ ઉપર ભગવાનને ભસતો હોય કે ભગવાન ઉપર પાશવિક હમલા કરતો હોય તેથી તે સ્વર્ગને પામતો નથી. પણ આ બુદ્ધિહીન રઘલો દારૂડિયો કપટી, અધમ કૌરવોની જેમ જન્મોજનમ નરકમાં જ સબડે છે. જન્મોમાંય એની કરોડો સદ્ગતિ થતી નથી. પણ એની અધોગતિ જ થાય છે.

ગલબી ઘાટણના સેવકો ક્રેક નાવોળિયા, ડોબરિયા, ડુક્કરિયાં, કૂતરિયાં કે હરાયાં આખલિયાં, કે બુદ્ધિહીન ઘેટીઓ, ગલબી ઘાટણની મેલી ઘાઘરીનો ઘેર પકડી એની પધરામણી માટે તેને લઇને જાહેર રોડ ઉપર પાશવિક ઉત્પાત કરતાં તેનો જય જયકાર કરતાં ફરતાં હોય, તેની પાછળ માથે ગંદાં પોતાં મૂકી ભગવાનને ભસતી, પાશવિક ઉત્પાત કરતી, હવાતિયાં મારતી ગંદી પોતણ દોડતી હોય તેનાથી તેમની કરોડો જન્મોમાંય સદ્ગતિ થતી નથી. એ સ્વર્ગમાં જતાં નથી પણ કાળનો કોળિયો બની જાય છે ને યમદૂતના ડંડા ખાઇ જન્મોજનમ નરકના કીડા બની નરકમાં જ સબડે છે. એમની અધોગતિ થાય છે. આ છે કર્મની ન્યારી ગતિ.

"કરમગતિ ટાળ્યે નહીં ટળે."–કર્મની ગતિને કોઇ જ ટાળી શકતું નથી. "જેવું કર્મ તેવું ફળ." કાંટાળો બાવળિયો વાવ્યો હોય અને કોઇ તેના ઉપરથી મીઠાં આમ્રફળ ચાખવાની આશા રાખે તો તે વ્યર્થ છે. આંબાનું ઝાડ વાવ્યું હોય તો જ મીઠાં આમ્રફળ ચાખવા મળે. જેવી ક્રિયા તેવી જ પ્રતિક્રિયા. બુદ્ધિહીન, ગાંડી ગલબી ઘાટણ રાત–દાડો ગટરોના ગંદવાડમાં ફરતી, ભસતી હવાતિયાં મારતી હોય ને ગટરો ઉપર પડી રહેતી હોય તો તેની

સદ્‌ગતિ ક્યાંથી થાય? ગટરોની દુર્ગંધમાં પડી રહેવા ટેવાયેલી ડૂકરી–ડૂકરાંને સ્વર્ગીય સુગંધ ક્યાંથી મળે? ગલબી ઘાટણને તો એના ગાંડા ડોબરાનું મૂતર જ ચાખવા મળે. કરોડો જનમોમાંય તેની સદ્‌ગતિ થતી નથી પણ અધોગતિ થઇ નરકમાં જ સબડે છે. કેમકે કર્મની ગતિ અકળ છે, અફળ છે.

જિંદગીભર નિર્દોષોને સતાવતી, દુ:ખી, બીમાર, પીડિતોને પજવતી, નિર્દોષોનાં લોહી ચૂસી, ભસી, બચકાં ભરી કરડતી, કે ભગવાને ભસતી ગૂંગાં ખાતી ગાંડી ગલબી ઘાટણ, ગંદી પોતણ, આવી અધમ પાશવિક કૃત્યને પોતાની બહાદુરી માનનાર આ બે–પગાં પૂંછડી વગરનાં કે બુદ્ધિહીન અધમ–કપટી કૌરવી, કૂતરિયાં, ડુક્કરિયાં, નાવોળિયાં કે નપુંસક, કુંભકરણ રઘલો દારૂડિયો પાશવિક ગતિ કરે છે પણ ઊર્ધ્વગતિ કે પ્રગતિ નહીં. એમની સદ્‌ગતિ થતી નથી. એમની અધોગતિ થઇ નરકના કીડા બની તે સબડે છે.

સત્કર્મ, પ્રભુભજન, નિષ્કામકર્મ, જ્ઞાન, સાધના, તપ, તપશ્ચર્યા, કે માણસાઇનાં ઉદાત્ત કાર્યોથી જ મનુષ્યની સદ્‌ગતિ થાય છે. તે સુખી પણ થાય છે ને તેનું માનવ–જીવન સાર્થક પણ થાય છે. પરમ આત્મજ્ઞાની સમર્થ સંત કબીરજી પણ કહે છે : "નહીં એસો જનમ બારંબાર." આ અણમોલ મનુષ્ય–જીવનને બુદ્ધિમાન મનુષ્યો જ સત્કર્મ કરી સાર્થક કરે છે કેમકે એમનામાં વિવેક–પરમવિવેક જાગૃત હોય છે.

□



શ્રી પંડિતજીના પિતાશ્રીને

# શ્રદ્ધાંજલિ

તંત્રી

શ્રી ભી એટલે ભાઇના હુલામણા નામે પરિવારમાં બોલાવાતા શ્રી જયેન્દ્રભાઇ પુરોહિતનો સ્વર્ગવાસ ૬૫ વર્ષની વયે ગુરુ-પૂર્ણિમાના પવિત્ર દિને (તા. ૨૨–૭–૯૪ ના રોજ) વડોદરા ખાતે થયો. શ્રી જયેન્દ્રભાઇને યોગેશ્વર પરિવારનાં ભાઇ બહેનો પંડિતજીના (શ્રી વિજયભાઇ પુરોહિતના) પિતાજી તરીકે ઓળખે. આમ આ ભદ્ર, શાંત, નમ્ર અને સંસ્કારમૂર્તિની વિદાયથી માત્ર પરિવારને જ નહિ પરંતુ જે શિક્ષણપ્રવૃત્તિ સાથે તેઓ જીવનભર સંકળાયેલા હતા તેને પણ ભારે ખોટ પડી.

એમના પિતાશ્રી આશારામ વડોદરાના મહારાજા શ્રી સયાજી-રાવ ગાયકવાડના રાજપુરોહિત, એટલે તો શ્રી જયેન્દ્રભાઇના શ્રી ભગવતીબેન સાથેનાં લગ્ન પ્રસંગે મહારાજાશ્રીએ વરઘોડા માટે ખાસ હાથી મોકલાવેલો.

શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલા શ્રી જયેન્દ્રભાઇ એટલે શિક્ષણનો જીવ. બી.એ. થયા પછી બી.એડ. કરીને તેઓએ તેઓનું સમગ્ર જીવન શિક્ષણને સમર્પિત કર્યું. તેઓ કદી ટ્યુશન ફી લેતા નહિ. આજના યુગમાં ફાલેલી ટ્યુશનની બદીથી તેઓ સંપૂર્ણ પર હતા. છતાં યોગ્ય વિદ્યાર્થીઓને કશું જ લીધા વિના માર્ગદર્શન આપતા તો વળી કેટલાક ગરીબ વિદ્યાર્થીઓને સાથે રાખી ભણાવતા. ચાણોદ ખાતેનાં લગભગ પાંચ વર્ષ દરમ્યાન તેઓનો આ જ ક્રમ રહ્યો તેઓશ્રી છેલ્લે શ્રી આદર્શ માધ્યમિક હિન્દી

વિદ્યાલયના આચાર્ય તરીકે નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી પણ ગ્રામ-વિસ્તારોમાં શિક્ષણની સુવિધાથી વંચિત એવા પ્રદેશોમાં ત્રણેક જેટલી નવી શાળાઓ તેઓની પ્રેરણાથી જ શરૂ થઇ. પોતાનો વંશપરંપરાગતનો વ્યવસાય પુરોહિતનો પણ કરતા રહેતા, પરંતુ યજમાન પાસેથી જે કંઇ મળે તે સહજ રીતે સ્વીકારી લેતા.

પ. પૂ. યોગેશ્વરજીનાં પ્રવચનો ૧૯૭૫ થી તેઓ નિયમિત સાંભળતા એટલું જ નહિ પરંતુ પોતાનાં સંતાનોને પણ તે સાંભળવા માટે પ્રોત્સાહિત કરતા. પોતાના સૌથી નાના પુત્ર વિજયભાઇ પુરોહિતના ઉચ્ચ ધાર્મિક સંસ્કારો જોઇને તેઓ પ્રસન્ન થતા. તેની આધ્યાત્મિક પ્રગતિ જોઇને તેઓ પ્રેરણા લેતા, અને તેનો સ્વીકાર પણ જાહેર રીતે કરતાં અચકાતા નહિ. આવી હતી એમની નમ્રતા.

પુત્ર વિજયને પ્રભુપંથે જવાની છૂટ આપ્યા પછી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એકવાર એમને પૂછ્યું કે એના માટે કોઇ આર્થિક વ્યવસ્થા કરી છે ખરી?

તેઓએ નિખાલસ ભાવે જણાવ્યું કે તે સમયે તેમની પાસે એવી કોઇ જોગવાઇ કરવા માટે પૂરતા પૈસા નથી, પરંતુ નિવૃત્તિ પછી તેઓ તે અંગે જરૂર વિચારશે. એ રીતે પોતાની ગ્રેચ્યુઇટી અને પ્રોવિડન્ટ ફંડની રકમ આ પુત્રને નામે મૂકી પૂ. માને આપેલું વચન એ ભદ્રપુરુષે પાળી બતાવ્યું.

શ્રી વિજયભાઇએ સંસ્કૃત તેમ જ જ્યોતિષવિદ્યામાં પણ પ્રવીણતા મેળવ્યા પછી વડોદરા યુનિવર્સિટીમાં વ્યાખ્યાતાની પસંદગી માટે કહેણ આવ્યું તો પૂ. માએ તેમના પિતાશ્રીની સલાહ લેવા જણાવ્યું. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "ભાઇ, તેં તો તારું સારુંયે જીવન પૂ. મા–પ્રભુને સમર્પિત કર્યું છે. પછી તારે આવી બધી ઉપાધિ કરવાની શી જરૂર? શું તેઓ તને નહિ સંભાળે?" કેવી સરસ આસ્થા અને સમજણ! સમર્પિત જીવે પ્રભુ સિવાય બીજાનો વિચાર પણ શું કામ કરવો જોઇએ?



વડોદરામાં તેઓને ત્યાં છેલ્લાં આઠ વર્ષથી તા. ૪ અને ૧૮ મીએ થતા સત્સંગમાં એક ભાઇએ ઊભા થઇ પ્રસ્તાવ મૂક્યો કે આપણે આ સ્થાનનો ઉપયોગ કરીએ છીએ તો દર વખતે કંઇ ને કંઇ આપવું. આ સાંભળતાં જ તેઓએ તેનો વિરોધ કરતાં કહ્યું, "પ્રભુ અમારું ચલાવે છે. અમારે આવી કોઇ આવશ્યકતા નથી. અમારી જગામાં તમે સહુ સત્સંગ માટે ભેગાં થાઓ છો તે જ અમારું મોટું સદ્‌ભાગ્ય છે." કેવી નિર્લોભિતા!

નિવૃત્તિ પછીનાં છેલ્લાં સાતઆઠ વર્ષથી તેઓ મા શ્રી સર્વેશ્વરીની સત્સંગની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેતા. છેલ્લે તેઓ મે, ૧૯૯૪ માં નર્મદા પરિક્રમા પછી હરદ્વારમાં–પૂ. માના દર્શન માટે આવ્યા. પૂ. માએ તેઓને ત્રણેક વર્ષ પહેલાં પ્રસાદીરૂપ એક કામળો આપેલો. પૂ. મા પ્રત્યેના અનન્ય ભાવને લીધે તેઓ તે કામળો હંમેશ ઉપયોગમાં લેતા. જેથી પૂ. માનું સ્મરણ સતત થતું રહે. વિધિની વિચિત્રતા પણ કેવી કે એ જ કામળા ઉપર સુવાડીને એમના જીવનની અંતિમ ધાર્મિક ક્રિયાઓ પણ કરવામાં આવી.

આવા એક અતિ નમ્ર, સાલસ, શાન્ત, અજાતશત્રુ જેવા માનવની ભૌતિક વિદાય વસમી લાગે, પરંતુ તેઓના જીવનની અંતિમ ક્ષણો, કોઇ પણ પ્રકારના તનાવ કે દર્દ વિનાની, સહજ નિદ્રા જેવી બની રહી એ પ્રભુની કેવી કૃપા!

જીવતાં જ જેમને શાંતિ હતી એવા એ જીવને મૃત્યુ પછી પણ શાન્તિ જ હોય ને! □

# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'સુગ્રીવની સાથે કરેલી મિત્રતાને વધારીને તમારી પત્ની સીતાને પાછી મેળવવાના પ્રયાસમાં મદદ મેળવવાના ઉદ્દેશથી તમે આવું ઘોર કર્મ કરી બેઠા હશો, એ હું સમજી શકું છું. પરંતુ તમે મારી પાસે આવીને, મારી સાથે મૈત્રી કરીને, તમારી પરિસ્થિતિ જણાવી હોત, તો સીતાની શોધમાં હું પણ તમને મદદ કરત. રાવણ જ્યાં હોત ત્યાંથી એને પરાસ્ત કરીને સીતાને પાછી લાવત.'

'પરંતુ તારા જેવા દુષ્કર્મપરાયણની સાથે મિત્રતા કેવી રીતે કરી શકાય? તારી સાથે મિત્રતા કરવાનો વિચાર પણ ન કરી શકું. સુગ્રીવ તારા કરતાં વધારે સદ્ગુણી ને સુયોગ્ય છે. એની મિત્રતા મેળવીને મને સંતોષ છે.'

વાલીની પીડા વધી ગઇ.

એની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

એણે કરુણ સ્વરે કહ્યું : 'સુગ્રીવ, પ્રાજ્ઞ પુરુષોએ કહ્યું છે કે, સત્તા. સંપત્તિ તથા સ્ત્રી ક્લેશ કે કુસંપનાં કારણ થઇ પડે છે, એ આપણા સંબંધમાં સાચું ઠર્યું. જે રાજ્યને, સંપત્તિને તથા સ્ત્રીને તું ઝંખતો'તો તેને સહેલાઇથી મેળવી શકીશ. મારા મૃત્યુથી તારો માર્ગ તદ્દન મોકળો થશે. તને અટકાવનારું તથા તારો સામનો કરનારું હવે કોઇયે નહિ રહે. આપણે લડયા, ઝઘડયા, અને



એકમેકનો સર્વનાશ કરવા તૈયાર થયા, તોપણ ભાઇ છીએ. વરસો સુધી આપણે ખૂબ પ્રેમથી જીવ્યા છીએ. એ પ્રેમભાવ પૂરો થયો અને પાછળથી આપણે વેરી બન્યા તોપણ ભાઇ થોડા જ મટી જવાના છીએ? મારા મૃત્યુ પછી કિષ્કિંધાનું રાજ્ય તને મળશે તેનો પણ મને સંતોષ છે. રાજ્ય કોઇ પારકા પુરુષના હાથમાં નહિ જાય. હું મરી જઇશ તેનું મને દુઃખ નથી. મારું મૃત્યુ રામના હાથે અને તારે લીધે જ નિર્માયું હશે. એનો શોક નહિ કરું છતાં પણ મરતાં પહેલાં મારે તને થોડીક ભલામણ કરવાની છે. તેના સિવાય મને શાંતિ નહિ થાય.'

સુગ્રીવ વાલીની પાસે જઇને જમીન પર બેસી ગયો.

વાલીનાં વચનોએ એના અંતરને વ્યથિત કરી દીધું.

એની આંખ અશ્રુભીની બની ગઇ.

એણે વાલીને પૂછ્યું : 'મને શી ભલામણ કરવાની છે?'

વાલીએ કહ્યું 'મારે માટે કોઇ પ્રકારની કટુતા ન રાખતો. મારા મનમાંથી પણ બધી જાતની કટુતાને મરતાં પહેલાં કાઢી નાંખું છું. મારે વેરભાવને સાથે લઇને નથી મરવું. મારાથી થયેલા અન્યાય માટે મને ક્ષમા કરજે. મેં તને દુઃખી કર્યો ને ભારે હાનિ પહોંચાડી તેનું મને દુઃખ છે. તું ક્ષમા કરીશ તો જ મને શાંતિ વળશે ને સદ્ગતિ મળશે. બોલ, તું મને ક્ષમા કરે છે?'

'હા.'

'સાચા દિલથી.'

સુગ્રીવનું હૈયું ભરાઇ આવ્યું. એ બોલ્યો : 'હા. સાચા દિલથી. તને પશ્ચાત્તાપ થાય છે પછી મારી ક્ષમાની જરૂર જ ક્યાં છે? છતાં તારે જોઇતી જ હોય તો મેં તને ક્ષમા આપી દીધી.'

વાલીએ દડદડતી આંખ સાથે કહ્યું : 'હવે મને શાંતિ થઈ. મારા મન પરથી એક મોટો બોજો ઊતરી ગયો. નહિ તો આ અસહ્ય બોજાને લઈને મારે અનંત કાળ સુધી ફરવું પડત. એક વાત તો પૂરી થઈ. હવે બીજી વાત કહી દઉં. બીજી ભલામણ કરી લઉં.'

'જરૂર.'

સુગ્રીવ વાલીની વાત સાંભળવા માટે આતુર બન્યો, એટલે વાલી બોલ્યો : 'મને મરતી વખતે બીજી કોઈયે ચિંતા નથી સતાવતી પણ અંગદની ચિંતા સતાવી રહી છે. એટલે મારો એ પ્રિય પુત્ર હું તને સોંપી જાઉં છું. વેરભાવનો ત્યાગ કરીને એની સંભાળ રાખજે. બદલામાં એ પણ તારી સેવા કરશે. મને વચન આપ કે તું તારાનું અને અંગદનું ધ્યાન રાખશે.'

સુગ્રીવે વાલીને વચન આપ્યું ને પૂછ્યું : 'એ ઉપરાંત કશું કહેવું છે? તારી બધી જ આકાંક્ષાઓનો બનતો અમલ કરવા હું તૈયાર રહીશ તેની ખાતરી આપું છું.'

'કિષ્કિંધાની પ્રજાને મેં પ્રજા નથી માની, પરંતુ મારા પોતાના પરિવાર જેવી જાણી છે. એવા પ્રેમભાવથી જ એનું પાલન કર્યું છે. એને સુખી, સમૃદ્ધ તથા સમુન્નત કરી છે. પ્રજાપાલનના એ વારસાને જાળવી રાખજે. સૌને સુખી કરવાનો પ્રયાસ કરજે. પ્રજાના દુઃખને તારું દુઃખ માનીને એ દુઃખને દૂર કરવા તૈયાર રહેજે. તું એકલો રાજા નહિ, પરંતુ સાચા અર્થમાં પ્રજાનો પાલક બનજે. ધરતીને રસકસવતી રાખજે, સેવકોને સન્માનજે તેમજ સંતુષ્ટ રાખજે, સેનાને સુદૃઢ કરજે, ને પશુપાલનમાં તથા સંપત્તિને સાચવવામાં પ્રમાદ ન કરતો.'



'એ ભલામણ મને યાદ રહેશે. તે બાબત તું નચિંત રહેજે.'

'હવે એક છેલ્લી ભલામણ કરી લઉં. આ રામ અને લક્ષ્મણ દેવાંશી લાગે છે. એમના પાર્થિવ શરીરની પાછળ મને કોઈ અપાર્થિવ પરમ પ્રકાશની ઝાંખી થાય છે. એમના આત્મા અસામાન્ય છે. મરતી વખતે એમની અલૌકિકતાની મને ખાતરી થઈ રહી છે. એમની મન મૂકીને સેવા કરજે. પ્રમાદમાં પડીને કે સત્તા તથા સંપત્તિનો કેફ ચઢાવીને એમના ઉપકારને ભૂલી ન જતો. એમની આજીવન સેવા કરજે અને સીતાને શોધવામાં બનતી બધી જ સહાય કરી છૂટજે. હનુમાન અને અંગદ તને એ કાર્યમાં મદદ કરશે. રામે મને બાણ માર્યું છે તોપણ હું એમની અલૌકિકતાનું દર્શન કરીને એમના પ્રત્યેના વેરભાવનો ત્યાગ કરું છું.'

'રામની સેવા મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી કરતો રહીશ. એમણે તથા લક્ષ્મણે મારે માટે બતાવેલી લાગણીને કદાપિ નહિ ભૂલી શકું.'

'બસ ત્યારે, હવે હું વધારે નહિ જીવી શકું. મને અસહ્ય વેદના થઈ રહી છે. અત્યાર સુધી એ વેદના મેં જેમતેમ કરીને સહન કરી પણ હવે નહિ સહી શકું.'

સુગ્રીવ વાલીના શબ્દો સાંભળીને ખૂબ જ લાગણીવશ બની ગયો ને કહેવા માંડયો : 'તારી ખોટ મને ખરેખર સાલ્યા કરશે. મૃત્યુ પહેલાંના તારા છેલ્લા શબ્દો તથા તારું અદ્ભુત હૃદય-પરિવર્તન મને સદા યાદ રહેશે. તારું જીવન હજુ પણ રહ્યું હોત તો મને કેટલો બધો લાભ થાત? વેરભાવ વગરનો વડીલ બંધુ મેળવીને મારું શેષ જીવન ધન્ય બની જાત.'

પરંતુ સુગ્રીવ વધારે બોલે તે પહેલાં તો વાલીનું મુખ ફાટી ગયું. એનો આત્મા ઊડી ગયો.

ચારે તરફ હાહાકાર થઇ રહ્યો.

વાલીના છેલ્લા શબ્દોએ રામ તથા લક્ષ્મણના હૈયાને પણ હલાવી નાંખ્યું.

એમનું કાળજું પણ કરુણ બની ગયું.

સુગ્રીવના શોકનો પાર ન રહ્યો.

એનું કાળજું એને કોરી ખાવા લાગ્યું.

(ક્રમશઃ)


## * કેસેટો મળશે *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના મધુર કંઠે ગવાયેલ શાંત-નંદિનીની દસ કેસેટોનો સેટ મેળવવા નીચેના સરનામે સંપર્ક કરવોઃ–

**શ્રી મધુભાઇ ભટ્ટ**

**યોગી એવેન્યુ, A વીંગ, ચોથે માળે,**

**યોગીનગર, એક્સર રોડ, બોરીવલી (વિસ્ટ), મુંબઇ–૪૦૦ ૦૯૧**

**દસના સેટની કિમ્મત રૂ. ૧૬૦/–**


## * સમય જ ક્યાં છે? *

"સંસારની અનેકવિધ પ્રવૃત્તિમાં અમને ઈશ્વરસ્મરણ કરવાનો કે ગીતા જેવાં ઉત્તમ પુસ્તકો વાંચવાનો અવકાશ જ ક્યાં છે? ઇચ્છા ઘણી છે, પણ સમયનો અભાવ છે." એવાં એવાં વચનો વ્યવહારમાં ડૂબેલા માણસો સંભળાવે છે. પણ એમાં તથ્ય નથી. કેટલીક વાર તેનો ઉપયોગ પોતાની નબળાઇને ઢાંકવાની ઢાલ તરીકે જ થાય છે. અવકાશ જ નથી, તો પછી ખાવાનો ક્રમ કેમ જળવાય છે? શયનનો ને સ્નાનાદિનો સમય કેવી રીતે મળે છે? એવો પ્રશ્ન પૂછતાં તે નિરુત્તર બની જાય છે. કેટલીક વાર ઉત્તર આપે છે કે તે તો જરૂરી ક્રમ છે : તે વિના ચાલે જ નહિ. કોઇ વધારે બુદ્ધિમાન માણસ આગળ વધીને સ્પષ્ટ કરે છે કે અન્ન વિના તો જીવન કેમ ચાલે? તે તો લેવું જ જોઇએ. તે માટે તો સંસારની બધી પ્રવૃત્તિ થાય છે. સૂવાનું પણ આરામને માટે આવશ્યક છે. અને સ્નાન વિના શરીર ગંદું રહે તે કેમ ચલાવી લેવાય?

આ દલીલ દેખીતી રીતે સાચી છે. પણ ખામી એટલી જ છે કે તે ઈશ્વરસ્મરણ કે પુસ્તકના વાચનમનન જેવા આત્મિક ઉન્નતિના સાધનના સંબંધમાં લગાડવામાં આવતી નથી. ખરી વાત એ છે કે શરીર અથવા જીવનધારણને માટે અન્ન, નિદ્રા ને સ્નાનાદિ જેમ જરૂરી છે, તેમ ઈશ્વરસ્મરણ કે નૈતિક અને આધ્યાત્મિક સાધના પણ જરૂરી છે, એ વાત માણસના મનમાં બરાબર કે બિલકુલ ઠસી નથી; નહિ તો તે આવી દલીલ ન કરત. ગમે તેવા કામમાંથી પણ વખત કાઢીને તે નાહવાધોવાની ને ખાવાની ક્રિયા કરે છે તેમ આત્મોન્નતિની ક્રિયા પણ કરત.

યોગેશ્વરજી

## * મન પ્રભુને અર્પણ કરવાથી વશ થાય *

બુદ્ધિની સત્તા છેવટની નથી. આત્મા કે પરમાત્મા બુદ્ધિ કરતાં પણ મહાન છે એમ ગીતામાતાનું કહેવું છે ને તેના જ શક્તિસંચારથી આ બધાં–મન, બુદ્ધિ ને ઈન્દ્રિયો કામ કરી શકે છે. તે જ્યાં પોતાની શક્તિ ને સત્તા સંકેલી લે એટલે બધો જ ખેલ ખલાસ. અસ્તાચલ પર જતા સૂરજની સાથે જેમ બધાં જ પ્રકાશિત કિરણો સંકેલાઈ જાય છે, ને બધે અંધકાર છવાઈ જાય છે, તેમ જ મધમાખીની રાણીની પાછળ બધી જ મધમાખી ઊડી જાય છે અથવા તે પ્રાચીન ભારતની યુદ્ધકલામાં સરદારના મરતાં કે પકડાતાં કે હારી જતાં જેમ આખું યે સૈન્ય વશ થતું, તેમ પરમાત્માની લીલા પૂરી થતાં મન, બુદ્ધિ, ઈન્દ્રિય ને શરીરની લીલા પણ પૂરી થાય છે. પરમાત્મા આ બધાંથી શ્રેષ્ઠ છે. આત્મા કે ઈશ્વરની શક્તિ આ બધાથી મહાન છે. પછી માણસે ઈન્દ્રિયોનાં પ્રલો-ભનથી ને મનના મર્કટમય ચંચળ સ્વભાવથી શા માટે ડરવું? જીવનના સંગ્રામથી તેણે શા માટે ભડકવું? પરમાત્માને શરણે જવાથી, પરમાત્માની મદદ માગવાથી ને પરમાત્મા સાથે અનુસંધાન સાધવાથી બધા જ પ્રકારની ફરિયાદો દૂર થઈ જશે; ભય, શોક ને બંધનનો અંત આવશે, ને જીવન-સંગ્રામમાં સફળ થઈને સાચા સ્વરાજનું સુખ પ્રાપ્ત કરી શકાશે ને બીજાને પણ પ્રાપ્ત કરાવી શકાશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧